Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

# श्री
# आत्मानन्द प्रकाश.

॥ शार्दूलविक्रीडितवृत्तम् ॥

कश्चैतन्यवतां हृदि स्थिरतरं शेते हि साक्षीभवन्
कश्चैतन्यवतां हृदि प्रचरति प्रक्षालयंस्तच्छुचम् ।
कं लब्ध्वा मनुजाः स्वकर्मकरणे शक्ता भवन्ति द्रुतम्
आत्मानंद प्रकाशमेव न हि सन्देहोऽत्र वै विद्यते ॥

पु० २५ मुं | वीर सं. २४५४. ज्येष्ठ आत्म सं. ३३. | अंक ११ मो.

प्रकाशक–श्री जैन आत्मानन्द सभा–भावनगर.

## વિષયાનુક્રમણિકા.

૧ મારી વર્ષગાંઠ. એટલે નવું વર્ષ... ૨૬૩
૨ શ્રી સૂરીશ્વર જયન્તિ. ... ... ૨૬૪
૩ શ્રી મહાવીર જિનસ્તવનમ્ તથા દામ વિનાનું કામ. ... ... ૨૬૫
૪ શ્રી તીર્થંકર ચરિત્ર. ... ... ૨૬૬
૫ જૈન ધર્મ. ... ... ... ૨૭૦
૬ સન્માર્ગ દર્શકને. ... ... ૨૭૩
૭ યોગ. ... ... ... ... ૨૭૪
૮ સુજનતા અને સુસ્વભાવ. ... ૨૭૭
૯ ભોગલાલસા તજવાની–જીતવાની જરૂર. ... ... ... ૨૮૨
૧૦ શિખરપરથી દૃષ્ટિપાત... ... ૨૮૪
૧૧ સભાનો વાર્ષિક મહોત્સવ ... ૨૮૬
૧૨ શ્રી શત્રુંજય તીર્થ માટેનું કરારનામું, કરાવો, ... ૨૮૭
૧૩ એક નમ્ર સુચના, સુધારો. ... ૨૯૩

વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ ૪ આના.

ભાવનગર—આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઈએ છાપ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અમારા માનવંતા ગ્રાહકોને ખુશ ખબર. (નવીન ભેટો)

ચાલતાં આત્માનંદ પ્રકાશ પુસ્તક ૨૫ મા તથા પછીના પુસ્તક ૨૬ મા બંને વર્ષની ચાલુ નિયમ પ્રમાણે આ વખતે "**જૈન નરરત્ન ભામાશાહ**" એ નામની બુક ભેટ આપવાનું નક્કી થયેલ છે. અમારા તરફથી દરવર્ષે વિવિધ વિષયો, તત્ત્વજ્ઞાન, ઇતિહાસ, ચરિત્ર કથાનુયોગ વગેરે ગ્રંથો ઉદાર ભાવનાથી ગ્રાહકોને ભેટ અપાય છે.

હાલના સમયમાં ઇતિહાસનો અભ્યાસ, વાંચન, કથાઓના આદર જૈન સમાજમાં કેટલાક અંશે વૃદ્ધિગત થતો જોવામાં આવતો હોવાથી, તેમજ દેશમાં સમાજમાં પણ દેશ અને સમાજસેવાનો પવન જોશભેર ફુંકાતો હોવાથી, અમુક અંશે અમુક મનુષ્યો તેવી સેવા કરતા-ઇચ્છતા હોવાથી પ્રસંગાનુસાર તેમની ભાવનામાં વધારે બળ મળે એ આશયથી ઇતિહાસ પ્રસિદ્ધ શ્રાવક કુલરત્ન **વીરનર ભામાશાહનું ચરિત્ર** ઐતિહાસિક દ્રષ્ટિએ તૈયાર કરાવી અમારા સુજ્ઞ ગ્રાહકોને અર્પણ કરવાનું યોગ્ય ધાર્યું છે. આ ગ્રંથ માટે વિશેષ પ્રશંસા કરીયે કે કાંઇ લખીયે તેના કરતાં અમારા માનવંતા ગ્રાહકો તે વાંચી વિચારી સ્વયંમેવ પ્રશંસા કરે તેમ ઇચ્છીયે છીયે. ટુંકામાં આ ગ્રંથમાં નરરત્ન ભામાશાહનો જ્વલંત દેશ તથા સમાજ પ્રેમ-સેવા, અને શ્રીમાન્ હીરવિજયસૂરીશ્વરજીની અહોનીશ ધગધગતી જ્વલંત શાસનદાઝ એ બંને આદર્શો સાથોસાથ ઉભા રહી રાષ્ટ્ર અને ધર્મપ્રેમના પ્રકાશો પાડી રહ્યા છે જે વાંચતાં તે મહાપુરૂષની પ્રભા આપણા જીવનમાં વણી લેવાને સ્હેજે લલચાઇએ તેમ છે.

શુમારે છત્રીશ ફોર્મ ત્રણશેં પાનાનો સચિત્ર આટલો મોટો ગ્રંથ અમારા ગ્રાહકોને ભેટ તરીકે આપવાની ઉદારતા ( સાહિત્ય પ્રચારના હેતુને લઇને ) બતાવી છે કે જે વારંવાર તેવા ઉચ્ચ કોટીના અને આટલા મોટા ગ્રંથો અમારા તરફથી ભેટ આપવામાં આવે છે તે ગ્રાહકોની ધ્યાનમાં જ છે. વારંવારનો ખર્ચ વગેરેનો લાભ પણ એ વર્ષની ભેટની બુક સાથે આપવાથી સુજ્ઞ ગ્રાહકોને થાય છે તે હેતુ પણ છે.

આ વખતે બીજો ગ્રંથ ૨ **આગમાનુસાર મુહૂપત્તિ નિર્ણય ગ્રંથ** મુનિરાજશ્રી મણિસાગરજી મહારાજની કૃપાથી અમારા ગ્રાહકોને ભેટ આપવા ગ્રાહક પુરતી બુકો અમોને મળી છે; તે આભારપૂર્વક સ્વીકારતાં અમારા સુજ્ઞ ગ્રાહકોને ઉપરોક્ત ગ્રંથ સાથે જ ભેટ મોકલીશું. આ ગ્રંથમાં ૧૨૦ કલમોમાં જૈન આગમો ગ્રંથો વગેરેની અનેક સાધનો આપી મુહૂપત્તિ સંબંધી નિર્ણય કર્યો છે તે પણ ખાસ વાંચવા જેવો છે. આ ગ્રંથ ફોર્મ ૧૧ પાના શુમારે નેવું છે તે પણ સાથેજ ભેટ આપવાનો છે.

આ વખતે આ બંને ગ્રંથો ઘણા મોટા હોવાથી પોસ્ટ ખર્ચ કંઇ વિશેષ થાય ( ૦-૬-૦ થશે ) તે સ્વાભાવિક છે. જેથી એ વર્ષના લવાજમના રૂા. ૨-૮-૦ અને વી. પી. પોસ્ટેજ ચાર્જ મળી રૂા. ૨-૧૪-૦ વી. પી. થશે તે અશાડ શુદ ૨ થી બંને ગ્રંથો અમારા માનવંતા ગ્રાહકોને ( લવાજમ વસુલ કરવા ) વી૦ પી૦ થી રવાના કરવામાં આવશે જેથી મેહેરબાની કરી દરેક ગ્રાહકો દર વર્ષની જેમ આ વખતે પણ સ્વીકારી લેશે એવી વિનંતી છે. ( વી. પી. ન સ્વીકારનાર બંધુએ અમોને પ્રથમથી લખી જણાવવું ) ગ્રાહક સિવાયના બંધુઓને પ્રથમ ગ્રંથની કિંમત રૂા. ૨-૦-૦ આપવી પડશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી

# આત્માનન્દ પ્રકાશ.

॥ वंदे वीरम् ॥

तत्पुनर्द्विविधं कर्म कुशलरूपमकुशलरूपं च । यत्तत्र कुशलरूपं तत्पुण्यं धर्मश्चोच्यते । यत्पुनरकुशलरूपं तत्पापमधर्मश्चाभिधीयते । पुण्योदयजनितः सुखानुभवः पापोदयसंपाद्यो दुःखानुभवः । तयोरेव पुण्य पापयोरनंतभेदभिन्नेन तारतम्येन संपद्यते खल्वेषोऽधममध्यमोत्तमाद्यनन्तभेदवर्तितया विचित्ररूपः संसारविस्तार इति ॥

उपमिति भवप्रपंचा कथा.

पुस्तक २५ मुं. } वीर संवत् २४५४. ज्येष्ट. आत्म संवत् ३२. { अंक ११ मो.

## मारी वर्षगांठ.

( રામ ભજને પ્રાણીઆ—એ ચાલ. )

આ નવિન વર્ષારંભમાં કરો "વીર" વન્દન પ્રેમથી,
ગુરૂ દેવ "આતમરામ" ને પ્રણમો હૃદય ગત નેમથી. આ૦
વળી ભક્તવર્ય શ્રી "મુળચંદ્ર" જ જન્મદાતા માહરા,
સ્મરણ પંથે સ્નેહે નિહાલો આત્મ ગુણ રસના ઝરા. આ૦
ગુરૂ નામ અંકિત કાજ આત્માનંદ મંડળ સ્થાપતા,
ત્યમ આત્માનન્દ પ્રકાશથી સ્યાદ્વાદ્ મત વિસ્તારતા. આ૦
સમૃદ્ધ ભારત વર્ષમાં મહા શિષ્ય ગણ છે તેહનો,
સત્વર મળી સાર્થક કરો ઉદ્દેશ આત્મિક જેહનો. આ૦
જ્યાં "ઐકયતા" નો નાદ સુંદર આજ ચોતરફી વહે.
ત્યાં "સત્ય તે છે માહરૂ" "મારૂ તે સત્ય ન" જે કહે. આ૦
એ ન્યાય સૂત્ર પ્રવિણ પાલક માહરા હર્ષે હવે,
પ્રકટાવો આતમ જ્યોત આત્માનન્દિ વાર્ષિક ઉત્સવે. આ૦

આત્માબ્દ ૩૩ }
જેષ્ટ શુકલ સપ્તમી. }

( વે. ધ. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ॐ

॥ श्री सद्गुरुचरणाय नमः ॥

આત્માબ્દ ૩૩. **श्री सूरीश्वर–जयन्ति.** જ્યેષ્ઠ શુકલ અષ્ટમી.

આજ શ્રી ગુરૂદેવની જયન્તિ પ્રાત ભારી,
સંવેગી સૂરિરાય "આતમરામ" આનંદકારી. આજ૦
સત્ય ધર્મ ગલતિ સમય સમયસૂચક જાનો,
સન્દેશ શ્રી "મહાવીર"નો સમર્પે જગ પ્રમાનો. આજ૦
અજ્ઞાન તિમિર હરણ શશિ ઝળકે જૈન વ્યોમે,
સંસ્કૃતિ શુદ્ધ ધર્મની પ્રકટાવે રોમ રોમે. આજ૦
સર્વજ્ઞ પ્રણિત શાસ્ત્રને સમઝાવતા સુરંગે,
વિપૂલતા બતલાવતા સ્યાદ્વાદની પ્રસંગે. આજ૦
વિચરી વિવિધ દેશમાં ધ્વજ જૈનનો ફરકાવ્યો,
ચૈતન્ય ને જડ વસ્તુના શુદ્ધ ધર્મને બતલાવ્યો. આજ૦
જેહનું લલાટ સુંદર દિવ્ય તેજવાળું,
દર્શને બને છે હૃદય શાન્ત મમ કૃપાળુ. આજ૦
સાક્ષાત્કાર સ્મૃતિ પથ યોગથી ગણાએ,
દેહ વિલય છતાં ઝાંખી આકૃતિની થાએ. આજ૦
જેષ્ઠ શુકલ સપ્તમી દિન સ્વર્ગગમન જેનું,
ત્રયત્રિંશ વર્ષારંભે મંગલ ચાહો પૂર્ણ તેનું. આજ૦
અનુવાદ ગુણનો આજ કરીએ જેહનો ઉમંગે,
પ્રકટે ગુણ ધ્યાતા ધ્યાન ધ્યેય નિયમ અંગે. આજ૦
શિષ્ય વર્ગ સાથ મળી ગુણ ગુરૂના ગાવો,
"આત્માનન્દ સમાજ" આત્મિક ગુણને પ્રકટાવો. આજ૦

વેલચંદ ધનજી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## श्री महावीर जिनस्तवनम् ॥

( धीर समीरे यमुनातीरे वसती वसे वनमालीरे–ठुमरी रागेण गीयते )

वन्दे वीर जिनेश्वरदेवं, शाश्वतसुखदातारं रे ।
त्रातारं जनवल्लभमीशं, शिवरमणी भर्तारं रे ॥वन्दे.॥ १
कामं क्रोधं लोभं मोहं, वारय वारं वारं रे ।
तारय भव पाथोधिमपारं, पालय प्राणिसमूहं रे । वन्दे॥ २
गुरुगुणखानिमनल्पप्रतापं, सुरवर पूज्य महेशं रे ।
परमानन्द निदानमजस्रं, शिवपत्तन सोपानं रे ॥वन्दे॥ ३
मिथ्या मोह तमोहर्तारं, शरणागतपातारं रे ।
कलिमल दोष कलंक निवारं क्रूर कुकर्म कुठारं रे ॥वन्दे॥ ४
सत्यदया धर्मैक निदानं, दान गुण प्रथितारं रे ।
भव्याम्भोजदिवाकर मेकं, भवकान्तारसहायं रे ॥वन्दे॥ ५
त्रिशला नन्दन मनघमनल्पं, शिवशर्मैक कलापं रे ।
विज्ञानैक निधान मदारं, शिवसुखकंदपयोदं रे ॥वन्दे॥ ६
जन्म जरा भव भय हर्तारं, स्वल्पीकृत संसारं रे ।
अजित महापदवी दातारं, मोहसुभट जेतारं रे ॥वन्दे॥ ७

ले. अजितसागरसूरि.

## "દામ વિનાનું કામ."

રાગ—આશા......( ક્યાંથી આ સંભળાય. )

દામ વિનાનું કામ, કરીલ્યો–દામવિનાનું કામ ( ૨ )
દામ વિના કાંઇ કામ ન થાયે, જોયું જગત તમામ,
પણ બેસે ના એકે દમડી, જપતાં શ્રી જીનનામ. કરીલ્યો૦ ૧
દામ ગયા નજરે નિહાળ્યા, ભાળ્યા ન નામ કે ઠામ,
શ્રી જીન–ધર્મની સાચી મુડી, દે અંતર આરામ. કરીલ્યો૦ ૨
દામ–દમામ તમામ ત્યાગીને, જોવું ! આતમરામ,
સંપત્તિ સાચી ક્યાં ! સાંપડશે, મળશે ક્યાં ! શિવધામ. કરીલ્યો૦ ૩
શ્રી જીન-નામે નવ નિધિને, ઋદ્ધિ, સિદ્ધિ, તમામ,
મળશે મનસુખ, ભાવે ભજીશતો, રાખી વૃત્તિ નિષ્કામ. કરીલ્યો૦ ૪

**મનસુખલાલ ડાયાભાઇ શાહ**—વઢવાણકેમ્પ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## અગીયાર અંગોમાં નિરૂપણ કરેલ
# શ્રી તીર્થંકર ચરિત્ર.

ગતાંક પૃષ્ટ ૨૪૨ થી શરૂ.

### સમવાયાંગ સૂત્ર.* ૧

૮—અરિહંત પુરૂષાદાનિય પાર્શ્વને આઠ ગણો અને આઠ ગણધરો હતા તે આ પ્રમાણે શુભ, શુભઘોષ. વાસિષ્ઠ, બ્રહ્મચારી, સોમ શ્રીધર વીરભદ્ર, યશસ્વી. ( ગાથા ૧ ) + ૨

૯—અરિહંત પુરૂષાદાનિય પાર્શ્વ નવ હાથ ઉંચા હતા.

૧૦—અરિહંત અરિષ્ટનેમિ દશ ધનુષ્ય ઉંચા હતા. કૃષ્ણ વાસુદેવ દશ ધનુષ્ય ઉંચા હતા રામ બલભદ્ર દશ ધનુષ્ય ઉંચા હતા.

૧૧—શ્રમણ ભગવાન મહાવીરને અગિયાર ગણધરો હતા. તે આ પ્રમાણે ઈંદ્રભૂતિ, અગ્નિભૂતિ, વાયુભૂતિ, વ્યકત, સૌધર્મ, મંડિત, મૌર્યપુત્ર, અંકપિત, અચલભ્રાતા, મેતાર્ય અને પ્રભાસ.

૧૪—શ્રમણ ભગવાન્ મહાવીરને સાધુઓની ઉત્કૃષ્ટ સંખ્યા ચૌદ હજારની હતી.

૧૫—નમિનાથ અરિહંત પંદર ધનુષ્ય ઉંચા હતા.

૧૬—અરિહંત પુરૂષાદાનિય પાર્શ્વનાથને સાધુઓની ઉત્કૃષ્ટ સંખ્યા સોળ હજારની હતી.

---

૧ * વિશેષ-દ્રગો-૫-૨૧. કલ્પવૃક્ષો-૧૦. મોક્ષ-૧૨. જ્યોતિષચાર-૧૧-૩૩-૬૦-૬૧-૭૮-૮૦-૮૮-૯૮. ધ્રુવરાહુ-૧૫-૬૨. દ્વાદશાંગી-૧૩૬ થી ૧૪૮. અંગો-૧૬-૧૮-૫૧-૫૭-૮૪-૮૫. ૧૯-૨૩-૨૫-૮૧-૮૪. આગમો—૨૬-૩૬-૩૭-૩૮-૪૧-૪૨-૪૩-૪૩-૪૪-૪૪-૪૪-૪૫-૮૮. પયન્ના ૮૪. દૃષ્ટિવાદ—૧૪-૨૨-૫૧-૪૬-૧૪૭-૮૮. લીપી-૧૮. નાટક-૩૨. કલા—૭૨. સૂત્રસાક્ષિ—૪૯. વૃતષટકાદિ—૧૮. લોકાચાર—૨૦-૭૯. કૃત યુગ્માદિ—૮૧. પાંચ મહાવ્રત ભાવના—૨૫. ચમત્કાર-પાપશ્રુતો—૨૯. મોહનામ—૫૨. ભગવતિ સાક્ષિ—૮૧. નંદીસાક્ષિ—૮૮. નિર્યુકિત—૧૩૬. પ્રજ્ઞાપના સાક્ષિ—૧૫૩. કલ્પસમવસરણ સાક્ષિ—૧૫૭ વંશો-૧૫૯. મેરૂનામો—૧૬. દંડપ્રમાણ—૯૬.

૨ * આવશ્યક સૂત્રમાં પાર્શ્વનાથ ભગવાનના દશ ગણધરો કહ્યા છે. જેમાં એ અલ્પ આયુષ્યવાળા હતા. જેથી અહીં તથા કલ્પસૂત્રમાં આઠ ગણધરો કહ્યા છે.—ટીકાકાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૮—અરિહંત અરિષ્ટનેમિને સાધુઓની ઉત્કૃષ્ટ સંખ્યા અઢાર હજારની હતી.

૧૯—ઓગણીશ તીર્થંકરો ગૃહસ્થવાસમાં વસીને પછી મુંડ થઇ અણગાર થયા.

૨૦—મુનિ સુવ્રતસ્વામી તીર્થંકર વીશ ધનુષ્ય ઉંચા હતા.

૨૩—આ અવસર્પિણી કાલમાં જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં ત્રેવીશ તીર્થંકરોને સૂર્યોદયકાલે કેવલજ્ઞાન-કેવલદર્શન થયાં. જંબુદ્વીપના આ અવસર્પિણી કાલના ત્રેવિશતીર્થંકરો પૂર્વભવમાં એકાદશાંગીના જાણકાર હતા. તે આ અજીત, સંભવ, અભિનંદન, સુમતિ, યાવત....પાર્શ્વ વર્ધમાન, અરિહંત ઋષભદેવ, કૌશલિક (પૂર્વ ભવમાં) ચૌદ પૂર્વી હતા. જંબુદ્વીપના આ અવસર્પિણી કાલના ત્રેવીશ તીર્થંકરો પૂર્વભવમાં મંડલિક રાજા હતા. તેઓ અજીત, સંભવ, અભિનંદનથી યાવત પાર્શ્વ વર્ધમાન, અરિહંત ઋષભદેવ કૌશલિક પૂર્વભવમાં ચક્રવર્તી હતા.

૨૪—દેવાધિદેવો ચોવીશ છે તે આ પ્રમાણે—ઋષભ, અજીત, સંભવ, અભિનંદન, સુમતિ, પદ્મપ્રભ, સુપાર્શ્વ, ચંદ્રપ્રભ, સુવિધિ, શીતલ, શ્રેયાંસ, વાસુપૂજ્ય વિમલ, અનંત, ધર્મ, શાંતિ, કુંથુ, અર, મલ્લી, મુનીસુવ્રત, નમિ, નેમી, પાર્શ્વ અને વર્ધમાન.

૨૫—પહેલા અને છેલ્લા તીર્થંકરોના પાંચ મહાવ્રતની પચ્ચીશ ભાવનાઓ—ઇર્યા સમીતિ, મનગુપ્તિ, વચન ગુપ્તિ, પાત્ર આહારનું નિરીક્ષણ, આદાન ભંડ મત્ત નિક્ષેપણસમીતિ, વિચારપૂર્વક બોલવું, ક્રોધવિવેક, લોભવિવેક ભયવિવેક, હાસ્યવિવેક, અવગ્રહની આજ્ઞા, અવગ્રહનીહદનું જ્ઞાન, સ્વયં અવગ્રહનો પાછલો સ્વીકાર, સ્વામીના અવગ્રહનો આજ્ઞાથી ભોગ, આજ્ઞાથી સાધારણ ભાતપાણીનો સ્વિકાર, સ્ત્રી પશુ નપુંસકના સંસર્ગ શય્યા અને આસનનો ત્યાગ, સ્ત્રી કથા ત્યાગ, સ્ત્રીની ઇંદ્રિયોનું અદર્શન, પૂર્વના ભોગ રમતનું અસ્મરણ, સ્નિગધ આહારનો ત્યાગ, શ્રોત્રેન્દ્રિય રાગ શમન, ચક્ષુરિંદ્રિય રાગોપશમન, ઘ્રાણેન્દ્રિરાગશમન, રસના રાગશમન અને સ્પર્ષ નેન્દ્રિય રાગોપશમન.

—મલ્લીનાથ ભગવાન પચ્ચીશ ધનુષ્ય ઉંચા હતા.

૨૯—તીર્થંકર નામ કર્મબંધ અધિકાર.

૩૦—અરનાથ ભગવાન ત્રીશ ધનુષ્ય ઉંચા હતા. પાર્શ્વનાથ ભગવાન ત્રીશ વર્ષ સુધી ગૃહસ્થપણે રહ્યા અને પછી અણગાર થયા. શ્રમણભગવાન મહાવીર ત્રીશ વર્ષ ગૃહસ્થપણે રહ્યા અને પછી અણગાર થયા. સ્થવિર મંડિત પુત્ર ત્રીશ વર્ષનો દિક્ષાપર્યાય પાળીને સિદ્ધ થયા બુદ્ધ થયા યાવત્ સર્વ દુખોનો સર્વથા નાશ કરનાર થયા.

૩૨—કુંથુનાથ ભગવાનના બત્રીશસો ને બત્રીશ કેવલીઓ હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૩૪—તીર્થંકરોના ચોત્રિશ અતિશયો છે. તે આ પ્રમાણે ૧—કેશ-સ્મશ્રુ-રોમ અને નખો વધે નહીં. ૨—નિરોગી અને નિર્મળ શરીર. ૩—માંસ અને લોહી ગાયના દુધ જેવા ધોળા હોય. ૪—પદ્મ તથા ઉત્પલ જેવો સુગંધી શ્વાસોશ્વાસ. ૫—ચર્મ નેત્રોથી અદૃષ્ય-ગુપ્ત આહાર નિહાર. ૬—આકાશમાં રહેલ ધર્મચક્ર, ૭—આકાશમાં રહેલ છત્ર (ત્રણ) ૮—વ્યોમવર્તિ ધોળા ઉત્તમ ચામરો ૯—સ્વચ્છ સ્ફટિકથી બનાવેલ પાદ પીઠવાળું સીંહાસન, ૧૦—હજારો પતાકાથી શોભતો સુંદર ઉંચો ઇંદ્રધ્વજ આગળ ચાલે છે, ૧૧—તીર્થંકરોને ઉભા રહેવાના અને બેસવાના દરેક સ્થાને દેવો તથા યક્ષોએ તુરત બનાવેલ (?) પત્ર ફુલ અંકુરોથી રમણીય અને છત્ર, ધ્વજા ઘંટા તથા પતાકાવાળું ઉત્તમ અશોકવૃક્ષ ૧૨—મુકુટના સ્થાને પાછલ ગોઠવેલ અંધારે પણ દશ દિશાઓને પ્રકાશતું તેજોમંડલ (ભામંડલ) ૧૩—સરખો ભુમિભાગ, ૧૪—કાંટા ઉંધા થાય. ૧૫—ઋતુઓ અનુકુળ સુખપ્રદથાય. ૧૬—યોજન પ્રમાણ ભૂમિને સાફ કરનાર શિતલ સુખાકારી અને સુગંધી વાયુ. ૧૭—ધૂડ અને રેણુને સાફ કરનાર ઉચિત વૃષ્ટિ (ગંધોદિક વૃષ્ટિ) ૧૮—દશના અર્ધા (પાંચ) વર્ણવાળા બીંટ ઉપર ગોઠવેલા (ઉર્ધ્વમુખવાળા) શોભતા. જલ અને સ્થલના ઘણા ફુલોનો ગોંઠણ સુધી કરેલ વરસાદ ૧૯—અમનોજ્ઞ શબ્દ, સ્પર્શ, રસ, રૂપ અને ગંધનો અભાવ. ૨૦ મનોજ્ઞ, શબ્દ, સ્પર્શ રસરૂપ અને ગંધની ઉત્પતિ, ૨૧—હૃદયંગમ અને યોજનગામી સ્વર. ૨૨—ભગવાનૂ અર્ધ માગધી ભાષામાં ધર્મોપદેશ આપે છે. ૨૩—ભગવાનની અર્ધ માગધી ભાષામાં સર્વ આર્યો તથા અનાર્યો, દેશના મનુષ્ય, ચોપગા વનચર ગ્રામ્યપશુ, પક્ષી, અને સર્પોની ભાષારૂપે પરિણમે છે અને હિતશિવ તથા સુખને દેનારી થાય છે. ૨૪—અરિહંત ભગવાનની પાસે અનાદિકાલિન જાતિસ્વભાવથી વૈરવાળા દેવો, અસુરો, નાગકુમારો, સ્વર્ણકુમારો, યક્ષો રાક્ષસો, કિન્નરો, કિંપુરૂષો, ગરૂડો (સુપર્ણકુમારો), ગંધર્વો અને મહોરગો પણ શાંતચિત્તવાળા થઇને ઉપદેશ સાંભળે છે. ૨૫—અન્યતીર્થિઓ આવી વંદન કરે છે. ૨૬—અન્યતીર્થિકો ભગવાનની પાસે અવાક્ બની જાય છે.*૩ ૨૭ થી ૩૪—જે જે પ્રદેશમાં અરિહંત ભગવાન્ વિચરે છે. તે તે પ્રદેશમાં પચીશ યોજનમાં ઇતિ—મારી—સ્વચક્ર—પરચક્ર—અતિવૃષ્ટિ—અનાવૃષ્ટિ તથા દુર્ભિક્ષનો ભય હોતો નથી અને પૂર્વોત્પન્ન રોગચાલો કે અનિષ્ટનો પ્રસંગ નાશ પામે છે.

*૩ ૨૫—૨૬. બૃહદવાચનામાં આ બન્ને અતિશયોનો ઉલ્લેખ છે, પણ જ્યાં આ અતિશયોનો સ્વીકાર કર્યો નથી ત્યાં ૧૮ મા અતિશય પછી ૧૯—ધુપથી સુગંધી સ્થાન. અને ૨૦—આભરણોથી શોભતા હાથવાળા બે યક્ષો ભગવાનને ચામર વીંજે છે એમ ઉલ્લેખ છે. આ વાચનાંતરના અતિશયો બૃહદવાચનામાં લીધા નથી. ટીકાકાર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



—જંબુદ્વીપમાં ચક્રવર્ત્તિવિજયો ચોત્રીશ છે તે આ પ્રમાણે—બત્રીશ મહાવિદેહ, એક ભરત અને એક ઐરાવત. જંબુદ્વીપમાં ઉત્કૃષ્ટપણે ચોત્રીશ તીર્થંકરો ઉત્પન્ન થાય છે.

૩૫—સત્યવચનાતિશયો પાંત્રીશ હોય છે. કુંથુનાથ ભગવાન્ પાંત્રીશ ધનુષ્ય ઉંચા હતા. દત્ત વાસુદેવ પાંત્રીશ ધનુષ્ય ઉંચો હતો. નંદન બળદેવ પાંત્રીશ ધનુષ્ય ઉંચો હતો.×૪ સૌધર્મકલ્પની સૌધર્મસભાના માણવક ચૈત્યસ્તંભમાં નીચેના તથા ઉપરના સાડાબાર સાડાબાર યોજન છોડીને મધ્યના પાંત્રીશ યોજનમાં વજ્રના બનાવેલ ગોળ દાબડામાં તીર્થંકરોની **દાઢાઓ** છે.

૩૬—શ્રમણ ભગવાન્ મહાવીરને આર્યાઓની ઉત્કૃષ્ટ સંખ્યા છત્રીશ હજારની હતી.

૩૭—કુંથુનાથ ભગવાનને સાડત્રીશ ગણો અને સાડત્રીશ ગણધરો હતા.*૫

૩૮—પુરૂષાદાનીય પાર્શ્વનાથ ભગવાનને આર્યાઓની ઉત્કૃષ્ટ સંખ્યા આડત્રીશ હજારની હતી.

૩૯—નમિનાથ ભગવાનને ઓગણચાલીશસો અવધિજ્ઞાનીઓ હતા.

૪૦—અરિહંત અરિષ્ટનેમિને ચાલીશ હજાર આર્યાઓ હતી. શાંતિનાથ ભગવાન્ ચાળીશ ધનુષ્ય ઉંચા હતા.

૪૧—નમિનાથ ભગવાનને એકતાલીશ હજાર આર્યાઓ હતી.

૪૨—શ્રમણ ભગવાન્ મહાવીર કાંઇક **અધિક** એવા બેંતાલીશ વર્ષ સુધી શ્રમણપર્યાય પાળીને સિદ્ધ થયા–યાવત સર્વ દુઃખોનો નાશ કરનાર થયા.

૪૨—તીર્થંકર નામકર્મ.

૪૪—વિમલનાથ ભગવાનના અનુક્રમે ચુમ્માલીશ પુરૂષયુગો (શિષ્ય–પ્રશિષ્યો) સિદ્ધ થયા–યાવત્ સર્વ દુઃખોનો નાશ કરનાર થયા.

૪૫—ધર્મનાથ ભગવાન્ પીસ્તાલીશ ધનુષ્ય ઉંચા હતા.

૪૭—સ્થવિર અગ્નિભૂતિ સુડતાળીશ વર્ષ સુધી ગૃહસ્થપણે રહ્યા અને પછી લોચ કરી અણગાર થયા.

૪૮—દરેક ચક્રવર્ત્તિના તાબામાં અડતાલીશ હજાર પત્તનો હોય છે. ધર્મનાથ ભગવાનને અડતાલીશ ગણો અને અડતાલીશ ગણધરો હતા.

૫૦—મુનિસુવ્રત ભગવાનને પચ્ચાસ હજાર આર્યાઓ હતી. અનંતનાથ ભગવાન પચ્ચાસ ધનુષ્ય ઉંચા હતા. પુરૂષોત્તમ વાસુદેવ પચ્ચાસ ધનુષ્ય ઉંચો હતો.

૫૧—સુપ્રભ બળદેવ ઉત્કૃષ્ટપણે એકાવન લાખ વર્ષ સુધી જીવીને સિદ્ધ થયા–બુદ્ધ થયા–યાવત્ સર્વ દુઃખોનો નાશ કરનારા થયા.×૬

×૪ દત્ત અને નંદનની ઉંચાઇ માટે આવસ્યકસૂત્રમાં છવ્વીશ ધનુષ્ય કહ્યા છે. ટીકાકાર.

*૫ શ્રી આવસ્યકસૂત્રમાં તેત્રીશ ગણધરો સંભળાય છે. ટીકાકાર.

×૬ આવસ્યકસૂત્રમાં સુપ્રભનું આયુષ્ય પંચાવન લાખ વર્ષ કહ્યું છે. ટીકાકાર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૫૩—શ્રમણ ભગવાન્ મહાવીરના ત્રેપન મુનિઓ એક વર્ષ દીક્ષાનો પર્યાય પાળીને અતિ ઉત્સવવાળા પાંચ અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થયા.*૭

૫૪—એકેએક ( દરેક ) ઉત્સર્પિણી અને અવસર્પિણી કાળમાં ચોપન ઉત્તમ પુરૂષો થાય છે તે આ પ્રમાણે—ચોવીશ તીર્થંકરો, બાર ચક્રવર્ત્તિઓ, નવ બળદેવ અને નવ વાસુદેવો. અરિહંત અરિષ્ટનેમિ ભગવાન ચોપન અહોરાત્રિનો છદ્મસ્થ પર્યાય પાળીને જીન થયા. કેવલીસર્વજ્ઞ અને સર્વભાવદર્શિ થયા. શ્રમણ ભગવાન મહાવીરે એક દિવસે એકજ આસને બેસીને ચોપન પ્રશ્નોના ઉત્તર આપ્યા. અનંતનાથ ભગવાનને ચોપન ગણધર હતા.

૫૫—મલ્લિનાથ ભગવાન્ પંચાવન હજાર વર્ષનું ઉત્કૃષ્ટ આયુષ્ય પાળીને સિદ્ધ થયા–બુદ્ધ થયા–યાવત–કર્મરહિત થયા. શ્રમણ ભગવાન મહાવીર અંતિમ રાત્રિએ પુણ્યફળ વિપાકનાં પંચાવન અધ્યયનો અને પાપફળ વિપાકનાં પંચાવન અધ્યયનોની પ્રરૂપણા કરીને સિદ્ધ થયા–બુદ્ધ થયા–યાવત સર્વ દુઃખોનો નાશ કરનારા થયા. ( ચાલુ ).

## જૈનધર્મ.

( ગતાંક પૃષ્ટ ૨૫ થી શરૂ. )

**શ્રદ્ધાની આવશ્યકતા—**

આધુનિક સમયમાં કેટલોક વર્ગ એવો છે જે નજરે જોયેલી વાતને જ ખરી માનનારો છે. બીજો કેટલોક વર્ગ વાત વાતમાં પ્રત્યક્ષ પ્રમાણ માંગનારો છે; જ્યારે વળી કેટલાકને તો ઈતિહાસિક બાબતો વિના બીજું સર્વ કલ્પિત જ ભાસે છે; અને કેટલાકને ધાર્મિક બાબતોમાં ડગલેને પગલે અતિશયોકિતની જ ગંધ આવે છે. આવા પ્રકારની વિચિત્ર માન્યતા વાળા જનવૃંદને અત્રે પ્રથમ જણાવી દેવાની અગત્ય છે કે તમારી ઉપરોકત માન્યતાઓ કેવળ એક પક્ષીપણાની સુચક છે; કેમકે તમો ગમે તેટલા પ્રમાણ શોધો યાતો ગમે તેટલી દલીલો રચો છતાં ઓછે-વત્તે અંશે તો તમારે કોઈ એક વાતમાં પણ શ્રદ્ધા રાખીને ચાલવુંજ પડશે. અતિંદ્રિય બાબતોજ એવી ગૂઢ પ્રકારની છે.

ધર્મના કોઇપણ તત્વને કશી જોવાની ના નથી. જીનપ્રભુનું એવું કથન પણ નથી કે ગમેતેમ અંધશ્રદ્ધાથી માની લેવું છતાં સાથે એ પણ સમજી લેવાનું છે કે અમુક વિષયો કદાચ આપણી બુદ્ધિની ન્યુનતાને લઇ ન સમજાય તો તેથી તે સર્વ કલ્પના મય છે એમ કહેવા તૈયાર થવામાં કેવળ ઉતાવળાપણું છે.

*૭ અનુત્તરોપપાતિસૂત્રમાં દર્શાવેલ તેત્રીશ સાધુઓ બહુ વર્ષના પર્યાયવાળા જાણવા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે પુરૂષની પંદર વાતો સાચી હોય તેની સોળમી વાત આપણાથી ન સમજાય તો તેને ખોટી કહેવા તૈયાર થવા કરતાં તે વાત સમજવાની આપણી શકિતની ખામી હોવી જોઇએ એમ માનવું વધુ ઉચિત છે. દુનિયાના સર્વ બનાવો કે તેને લગતી સર્વ વાતો નજરે જોઇ શકાય એવું બનવું જ્યાં અશકય છે ત્યાં પછી નજરે ન જોઈ શકયા માટે વાતો ખોટીજ છે એવો વૃથા બકવાદ શા કામનો ? એવીજ રીતે ઐતિહાસિક બાબતો વિષે પણ ભૂલ ભરેલી માન્યતા રહેલી છે. ઇતિહાસિક તરિકે ગણાતી બધી બાબતો સત્યજ છે એમ કોણ કહી શકે તેમ છે ? આજે પણ ઇતિહાસવેત્તાઓ વચ્ચે કયાં મતફેરો નથી ? જુઓને સમ્રાટ નેપોલીયન વિષે ઈંગ્લાંડના ઇતિહાસકારોએ જે લખાણ લખ્યું છે તે સત્યથી કેટલું વેગળું છે ? સ્વતંત્ર લેખક મી. એબટના લખાણ પરથી એ વાત સાબિત થાય છે અને તેઓએ ચિતરેલા જૂઠાણાનો ખ્યાલ આવે છે. ઝાંસીની રાણી લક્ષ્મીદેવી સંબંધે પણ આવીજ ભૂલભરી નોંધો તેમણે કરેલી છે. હિંદમાં પોતાના દેશની મહત્તા બેસાડવા અને પોતાના જાતભાઇઓએ કરેલાં કાળાકામો છુપાવવા અંગ્રેજ લેખકોએ બંગાળ અને અયોધ્યાના હેવાલોમાં કેટલીયે હાથપગ વગરની વાતો ગોઠવી છે. કલકત્તાની અંધારી કોટડી ( Black Hall ) વિષેનો એકજ દાખલો અત્રે બસ થઇ પડશે. એ વાતને સત્ય તરિકે ઠોકી બેસાડનાર લેખકોની દલીલો કેવા પોકળ પાયા પર ચણાયલી હતી તેનો ખ્યાલ આધુનિક પુરાતત્વ શોધકોએ આપ્યો છે. એક સમયના ઇતિહાસકારોએ માની લીધેલા અનુમાનો આજે ખોટા પડતા અને એને સ્થાને નવીન પ્રકારના જ બનાવોના ખ્યાલ આપતાં વૃતાંતો આપણે શું નથી વાંચતાં ? શોધખોળના આ યુગમાં હજુ તો કેટલુંયે પરિવર્તન થશે.

કહેવાનું એટલુંજ કે ઐતિહાસિક વાતની પાછળ ધમપછાડા કરનારા વર્ગે પણ વગર વિચાર્યે માત્ર ઇતિહાસને ખરો માની બીજી પ્રમાણિક વાતો પ્રત્યે દુર્લક્ષ્ય કરવું એ ઠીક નથી. આથી એમ રખે માની લેવાય કે ઐતિહાસિક તત્વ સબંધે પરામર્શ કરવો એ અયોગ્ય છે. બુદ્ધિ અનુસાર વિચારણા જરૂર કરાય એમાં લેશ માત્ર વાંધો નથી, પણ અપૂર્ણ વિચારણાને અંતે પ્રચલિત માન્યતાને એકદમ ખોટી ન ઠરાવી દેવાય એ પરત્વે સંપૂર્ણ ધ્યાન આપવાનું છે. સર્વની સમજ શકિત એટલી જવલંત નજ હોઇ શકે કે જેથી દરેક વિષયમાં તે સોંસરી પાર પામી જાય. તેથીજ પુનઃ પુનઃ એ વાતપર ભાર મૂકવાનો છે કે જ્યાં દુન્યવી બાબતોમાં પણ ઉલટાસુલટી માનવારૂપ પ્રસંગ ઉપસ્થિત થતાં વાર નથી લાગતી ત્યાં ધર્મ વિષયિક કઠીણ વસ્તુ એકદમ કયાંથી સમજી શકાય, અને નજ સમજી શકાય તો એ સમજવા સારૂ સમયની રાહ જોતાં યત્ન જારી રાખવો જોઇએ પણ એથી ઉલટું મને ન સમજાયું માટે એ હંબગ છે અથવા તો કલ્પિત છે એમ કહેવા તત્પર નજ થવું. એમ કરવામાં કેવળ કહેનારની રભસવૃત્તિ જ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જો આપણને બે હજાર વર્ષનો ઇતિહાસ લખનાર મનુષ્યો ઉપર વિશ્વાસ રહેતો હોય તો તેથી કેટલાયે સમય પૂર્વે થયેલાં, સાધુ મહાત્માઓના લખાણુ પર તેથી પણ વધુ રહેવો જોઇએ. લેખકો સંસારી જીવન ગાળનાર હોવાથી દાક્ષિણ્યતાથી કે મમત્વથી સર્વથા મુકત ન હોઇ શકે, જ્યારે સંસાર ત્યકત સાધુ પુરૂષોને તેવું કંઇ બંધન ન હોવાથી તેમજ સત્ય વસ્તુ પ્રરૂપવારૂપ તેમનો ધર્મ હોવાથી, તેમના લખાણુમાં પૂર્ણ વિશ્વાસ રાખવો એજ યોગ્ય છે.

વળી કેટલીક વાતો પ્રત્યક્ષ હોય છે, અને કેટલીક અનુમાનાદિ પ્રમાણોથી માનવાની હોય છે. ધારોકે એક મનુષ્યે પોતાના દાદાને નજરે જોયા નથી કેમકે તેના જન્મ અગાઉ તે મૃત્યુ પામી ગયા હતા, તેથી શું તે વિષયમાં શંકા ધરી શકાશે ? જવાબ નકારમાંજ આવવાનો, કારણ કે અનુમાન પ્રમાણુથી એની સાબિતી કરી શકાય છે. બીજી વાત વિચારીયે. સોમલ એ ઝેર છે, તેના ભક્ષણુથી મરણુ નિપજે છે, એ વાત તેને ખાધા વગર પણુ આપણે માની શકીએ. કોઇ કહે કે જાતે અનુભવ કર્યા વગર એ માનવા જેવું નથી અને તરતજ અનુભવ કરવા મંડી જાય તો એમાં પ્રાણુહાનિ સિવાય બીજું શું સંભવે ? એટલે કહેવુંજ પડશે કે એવા પ્રકારની વાતો અનુભવી પુરૂષોના વચન ઉપર શ્રદ્ધા રાખીનેજ અવધારવા યોગ્ય છે. આતો સામાન્ય રીતે સંસારમાં બનતી અને અનુભવાતી બાબતોની વાત થઇ તેમાં પણ આવા પ્રકારની શ્રદ્ધા વા વિશ્વાસની જરૂર પડે છે તો પછી ધર્મના તત્વો અને તેની ગણત્રી જેવા ગહન વિષયની તો વાતજ શી કરવી એવા ગહન અને બારિક વિષયમાં આપણા ચર્મચક્ષુ કરતાં જ્ઞાન ચક્ષુજ વધુ સારી રીતે કામ કરી શકે છે. કેવળ બુદ્ધિવાદ ત્યાં કામ આવતોજ નથી, એ વિષય પરત્વેનું દરેક કથન તેના મૂળ પ્રકાશકે પ્રથમ જ્ઞાનચક્ષુ દ્વારા યથાર્થ રીતે નિહાળી પછીજ સ્વપર કલ્યાણુ અર્થે તેનો ઉપદેશ કરેલો હોવાથી જ્યાં લગી તેવા પ્રકારનું સંપૂર્ણ જ્ઞાન ન ઉદ્ભવે ત્યાં લગી વિશ્વાસ રાખી જાણુવા પ્રયત્ન શીલ રહેવાનું છે. જેમ જેમ જ્ઞાનનો ક્ષયોપશમ વધતો જાય છે તેમ તેમ ઘણી ગુઢ જણાતી બાબતો પણ સરલરૂપે સમજાતી જાય છે, એટલે એવો ક્ષયોપશમ થતાં લગી ધિરજ ધરવાની અને એ સારૂ ઉદ્યમવંત રહેવાની જરૂર છે. તેટલા સારૂ પ્રારંભમાં શ્રદ્ધા રાખી આગળ વધવાની જરૂર છે. એ વાતપર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. શ્રદ્ધા વિના કોઇપણુ વસ્તુની પ્રાપ્ત યથાર્થરૂપમાં થઇ શકતી નથી. મહાત્માઓ તે વિષે શું કહે છે તે જુઓ.

શ્રદ્ધા વિન જે અનુસરે, પ્રાણી પુણ્યના કામ;
છાર ઉપર તેહ લીંપણું, ઝાંખર ચિત્રામ. ઉપાધ્યાય શ્રી વિનયવિજયજી
દેવગુરૂ ધર્મની શુદ્ધિ કહો કિમ રહે, કિમ રહે શુદ્ધ શ્રદ્ધા ન આણો,
શુદ્ધ શ્રદ્ધાન વિણુ સર્વ ક્રિયા કરે, છારપર લીંપણો તેહ જાણો. શ્રીમદ આનંદઘનજી.

—ચાલુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ' સન્માર્ગ દર્શકને '

( રાગ–હરિગિત )

સન્માર્ગદર્શક વીર ! મોરા, વિનતિ બાળક કરે,
ત્રણ ભુવનમાં નહિ કો વિભૂ ! આવી શકે તારા તુલે;
દુષ્ટ પરિણામી આતમા' આ નામ જપતાં તાહરૂં,
નિર્મળ બની આવી જતો વિભૂ ! ક્ષેત્ર છે જ્યા તાહરૂં. ૧.
રસાકસ કલુષ **'મધુબિન્દુ'** જેવા જગતના જે કારમા,
**'કિમ્પાક'** ફળ વિપાક જેવા પુદ્ગલ સુખો વળી વિશ્વના;
ભૂલી જઇ સૌ તે વિભૂ !' ને ઢળી જઇ તુજ ચરણમાં,
આનંદ કરતો ગેલ કરતો હા ! વિભૂ !! તુજ બાળ' આ. ૨.
ભૂલી જતો સુખ વિશ્વના' ને સ્વર્ગના સુખ દેખતો,
અમૃત સમા' એ સુખમહીં હા ! એ ઘડી તો માલતો;
પણ વિશ્વસુખસમ સ્વર્ગસુખ પણ દુખકારી જાણતાં,
ફેંકી દઇ તે વાંચ્છતો વિભૂ ! સુખ અક્ષય મોક્ષના. ૩.
છે યોગ્ય જાણી વીર પણ નિજ બાળને કરથી ગ્રહી,
અપ્રતિમવાટ અક્ષય સુખની દર્શાવી દેતા પ્રેમથી;
'શ્રી વીરશાસન'વાટ' એ લઇલે અહો ! કંઇ કંઇ જોવો,
જે વીર્ય ફોરે કર્મ તોડે અક્ષય પામે તે સુખો. ૪.
સૌ વીરપુત્રો ! અંતમાં કવિ હૃદયની વિનતિ કહું,
સુણો અને સંભાળી' લો **" સૌ શ્રેય ઇચ્છો સર્વનું; "**
**' शिवमस्तु सर्व जगतः '** શ્રી વીરશાસનની વિજયિધ્વજા,
કરમાં ગ્રહો, ફરકાવી દો, હા ! જગતના ગુરૂ ચોકમાં. ૫.

**વાડીલાલ જીવાભાઇ ચોકશી.**
**ખંભાત.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# યોગ.

યોગ કરવા ઇચ્છનારે સૌથી પ્હેલાં અવલોકન કરતાં શીખવું જોઇએ. અવલોકન સામાન્ય રીતે કરવામાં આવે છે તેવા પ્રકારનું નહિં પરંતુ પ્રકૃતિના એકેએક કરણમાં બનતી ક્રિયા પુરૂષથી તદ્દન જુદી છે. અને જેમ સ્થૂલ પદાર્થ આપણો પોતાનો નહિ ગણતાં જુદો જોઈએ છીએ, તે પ્રમાણે મનમાં આવતા વિચારો પ્રાણની ક્રિયાઓ અને ચિત્ત વિગેરે સઘળું જુદું છે. એમ સ્પષ્ટપણે કરવાનો અભ્યાસ કરવો જોઈએ. તે કર્યા પછી તે ક્રિયા વિગેરેની ઉત્પત્તિ આપણામાં થાય છે તેમ નથી. પરંતુ બહારથી તે બધું આપણામાં આવે છે અને આપણે તેમાં સાક્ષી છીએ એ ભાવ સ્થિર કરવો જોઇએ. તથા તે ક્રિયાઓના જુદા જુદા સ્થાનો જાણવા જોઈએ એટલે કે એ ક્રિયાઓ કયાંકયાં થાય છે તે જાણવું જોઇએ,

જ્યાં સુધી બધા આધારમાં પરિવર્તન થયેલું હોતું નથી ત્યાં સુધી તેનું શુદ્ધ કાર્ય દેખાતું નથી તથા પ્રકૃતિમાં રહેલી અશુદ્ધિ જોડે તે મિશ્ર થઈ જાય છે. શુદ્ધ વિજ્ઞાન જુદા પ્રકારનું છે; મનથી પર અવસ્થાઓમાં જુદિ જુદિ ભૂમિકાઓ છે તેમાંથી તે આવે છે.

મનની ઉપર સખત પડ છે તે તોડવાનું છે અને જ્યારે વિજ્ઞાનમાં માણસ પોતાની જાતને ખુલ્લી મુકે છે ત્યારે ત્રણ અનુભવો થવાના. ( ૧ ) શાન્તિ, આધારના એકે એક કરણમાં શાન્તિ સ્થાપન થઈ જવી જોઇએ, એ શાન્તિ વિજ્ઞાનની છે. તે ન હોય ત્યાં સુધી શુદ્ધિ પૂર્ણ થઇ ન ગણાય, કારણ કે શકિત વિગેરે નીચે આવતાં પ્રકૃતિનાં કરણોમાં રહેલી અશાંતિને ( અર્થાત અશુદ્ધિને ) લીધે તે શકિત રજોગુણી કાર્યમાં—અજ્ઞાનના કાર્યમાં-ફેરવાઇ જાય છે. બીજો અનુભવ શકિતનો છે, આધારના પડોમાંથી એક પછી એકમાં શકિતનો અનુભવ થતો જાય છે પરંતુ તેમાં પણ શાંતિની જરૂર ખાસ છે. તથા ત્રીજો તેજ-તેજનો અંબાર પ્રવેશ કરી કઈ કઇ મુશ્કેલીઓ છે તે બતાવે છે તથા જ્ઞાનનો ( અંબાર ) ધોધ પણ લાવે છે. તમારે જે કરવાનું છે તે એ કે જે અડચણો શકિત બતાવે તેને દૂર કરવાને તૈયાર રહેવું જોઇએ. મનના વિચારો, પ્રાણની પસંદગીઓ જે કંઇ તે દૂર કરવા કહે તે દૂર કરવી જોઇએ. આ પરિવર્તન આપણે આપણી શકિતથી કરી શકતા નથી. આપણે વિજ્ઞાનમાં રહેલી શકિતના ઉપર દ્રઢ શ્રદ્ધા રાખવી જોઇએ. તથા વિશ્વાસ પૂર્વક તે કાર્ય કરશે તેમ સમજી સર્વ તેને અર્પણ કરી દેવું જોઇએ. મન પ્રાણ શરીરમાં પણ તે શાંતિ જેમ સ્થાપન થવી જોઇએ તેમ આત્મ સમર્પણ સુદ્ધાં મન પ્રાણ વિગેરેમાં બરાબર સ્થાપન કરવું જોઇએ, એની જે માગણી હોય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે સ્વીકારવી જોઇએ માટે અનુમતિ આપવા તૈયાર રહેવાની ખાસ જરૂર છે. વળી જ્યારે યોગમાં પ્રગતિ થાય છે ત્યારે બીજી એક નીશાની અંતર આત્મા ખુલ્લો થાય છે તે છે. તે જ્યારે કાર્ય શરૂ કરે છે ત્યારે જુદા જુદા સુચકો, ચિત્રો વિગેરે દ્વારા અનુભવો થવા માંડે છે.

## અંતરનો નાદ શીરીતે ઓળખવો ?

પ્રથમતો વર્તમાન જીવનના બંધનોથી અસંતોષ થવો જોઇએ, માણસની પરીમીતતાઓ અને મનુષ્ય જાતિની હમણા જે દશા છે તે બરાબર નથી, એવી એક લાગણી–તેની સાથે તેમનાથી પર થવાનો નિશ્ચય અને તે હેતુજ જીવનનો અંતીમ હેતુ બની રહે ત્યારે એવા માણસ માટે અંતરનો નાદ થયો ગણાય.

સત્યની શોધ તે યોગ કરવાનો હેતુ છે. સત્ય જાણવાથી આપણી જાતનું જ્ઞાન થાય છે તથા તેને લીધે આત્માનો સાક્ષાતકાર થાય છે.

સત્ય એટલે અનંત ચૈતન્ય તથા અનંત સત.

ધીમે ધીમે યોગના વિકાસમાં એક એવી ભૂમીકા આવે છે કે જ્યારે અંતર આત્મા ( Psychic being ) ખુલે છે અને તે વખતે તે ભૂત ભવિષ્ય જાણે છે. તથા સ્થળમાં વિચારી શકે છે, તેથી જન્મ વિગેરે જાણી શકાય. ફકત સાધકે તેના ઉપર વધારે જોર દેવું જોઇએ.

દિવ્યશક્તિ પોતેજ આપણામાં યોગનો વિકાસ કરે છે. તેનું કાર્ય શરૂ થાય તેને માટે અંતઃકરણમાં સર્વત્ર પ્રથમ શાન્તિ સ્થાપન થવાની જરૂર છે. મન, પ્રાણ અને શરીરની અજ્ઞાનમય ક્રિયાઓમાં હમણા માણસ મગ્ન થયેલો છે તેથી દિવ્યશક્તિનું કાર્ય જાણી શકતો નથી તથા અનુભવી શકતો નથી. મનના વિચારો, પ્રાણની વાસનાઓ વિગેરે સર્વને તદ્દન શાન્ત પાડી દેવા એ પ્રથમ જરૂરનું છે. પરંતુ આ શાન્તિ કેવળ ક્રિયાના અભાવરૂપ હોતી નથી. આ શાન્તિની જોડે જોડે શક્તિનો પણ અનુભવ થાય છે. આ દિવ્યશાન્તિ બળથી પૂર્ણ હોય છે. અને ક્રિયાઓ ચાલવા છતાં આ શાન્તિનો ભંગ થતો નથી. જે ક્રિયાઓ થાય છે તે બધી આ શાન્તિના પાયા ઉપર ચાલે છે. વળી યોગ શરૂ થયાં પછી જ્ઞાન પણ તેજ રૂપે મસ્તક ઉપરથી નીચે ઉતરે છે. આ તેજ જ્ઞાનનું ચિન્હ છે, ક્રમે ક્રમે જ્ઞાનનો વિકાસ આપોઆપ થાય છે. અને જૂદી જૂદી સૂક્ષ્મ ક્રિયાઓનું જ્ઞાન ઉપરથી આવે છે. જે અંતરાયો મનમાં, પ્રાણમાં કે શરીરમાં હોય છે તેમને શક્તિ બતાવે છે. તમારે ફક્ત તેમને દૂર કરવાની અનુમતિ આપી દૂર કરવા જોઇએ.

સર્વ ક્રિયાઓને શાન્ત કરી દેવા પ્રયત્ન કરવો જોઇએ. એ પ્રમાણે પ્રયત્ન કરશો એટલે મનમાં, પ્રાણમાં, ચિત્તમાં વિગેરેમાં અનેક અસત્ય અને અહંતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રધાન ક્રિયાઓ ચાલતી જણાશે. એ સર્વને બદલે દિવ્યશક્તિનું કાર્ય શરૂ થાય એવી ભાવના મનમાં ધારણ કરવી. બધું શાન્ત થયે બુદ્ધિમાં શક્તિ Will જાગૃત રાખીને દિવ્યશક્તિ શીવાય બીજું કાર્ય કરે નહિં-ચાલે નહિં એવી સતત શકિત અને હૃદયમાં તે શકિત ઉપરથી આવીને સર્વ કરણોનું રૂપાંતર કરી અસત્ય ક્રિયાંઓને બદલે પોતાની જ્ઞાનમય સત્ય ક્રિયા ચાલુ કરે એવો ભાવ ધારણ કરવો.

જ્યારે દિવ્યશકિતનું કાર્ય શરૂ થાય છે ત્યારે પ્રથમ અપૂર્વ શાન્તિ આખા આધારમાં છવાઈ રહે છે, ત્યાર પછી શકિતનું અવતરણ થાય છે અને શકિના અનુભવ પછી તેજ ઉતરવા માંડે છે. આ તેજ જ્ઞાનનું ચિન્હ છે અને તે દોરે છે. With light comes knowledge which is the sure and unfailing guide. આ દિવ્યશકિત ઉપર દ્રઢ શ્રદ્ધા રાખી, સંપૂર્ણ સમતા રાખતાં શીખવું. સમતામાંજ શકિતનું કાર્ય થાય છે. અંતરમાં-આધારમાં ગમે તેવી મન પ્રાણ તથા ચિત્તની અવળી ક્રિયાઓ થતી હોય તો પણ તમે તે સર્વથી પર છો એમ અનુભવી તે ક્રિયાઓમાંથી માત્ર અનુમતી ખેંચી લેવી. અધોગામી પ્રકૃતિ યોગમાં આગળ વધવામાં અંતરાય રૂપ થાય છે તેને જોઈ જોઇને દરેક સ્તરમાંથી દૂર ( reject ) કરવી જોઇએ. એના કાર્યને અનુમતી આપવી બંધ કરી એને દૂર થવા કહેવું જોઇએ.

જ્યારે પ્રાણમાં higher consciousness સ્થાપન થાય છે ત્યારે પ્રાણ શાન્તિ અને શકિતથી પૂર્ણ ભરાઈ જાય છે. અને ઘણોજ વિશાળ થાય છે. જ્યારે આ પ્રાપ્ત થાય છે ત્યારે પ્રાણીની નીચેનાં અજ્ઞાનના બળોની શકિત એકદમ કમ થઇ જાય છે. સાધના ઘણી ઉતાવળી ચાલવા માંડે છે.

The replacing of the power of the lower conciousness by that of the higher is the object of all self-surrender-the surrender of your small, narrow, personal being and its activities to the higher and vaster divine being and divine activities. By this surrender, one will cease to act from one's personal motives, impulses, desires etc.,;as one is at present doing. By the progressively increasing self-surrender, the action of the higher consciousness will gradually begin to play in the place of the personal That is how works in life and surrender are reconciled. The works in life will proceed as the result of the surrender, from the higher consciousness instead of, as now, from the narrow, lower, personal.

નાનચંદ ઓધવજી—નડીઆદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સુજનતા અને સુસ્વભાવ.

લેખક-વિઠ્ઠલદાસ મૂ. શાહ.

( ગતાંક પૃષ્ટ ૨૫૪ થી શરૂ )

બીજાને દુઃખી જોઇને તો ઘણા લોકો દુઃખી થાય છે, પરંતુ કેટલાક લોકો એવા દુષ્ટ સ્વભાવના પણ હોય છે કે જેઓ બીજાને સુખી જોઇને પણ દુઃખી થાય છે. એવા લોકો ઇર્ષ્યાળુ કહેવાય છે. સ્વભાવના એ દુર્ગુણથી વિચારોનો તેમજ શરીરનો નાશ થાય છે. ઇર્ષ્યાળુ મનુષ્ય ઘણે ભાગે બીજાને સુખી, સંપન્ન અથવા સફલ-મનોરથ જોઈને પોતાના મનમાં બળ્યા કરે છે અને બની શકે ત્યાંસુધી તેનું સુખ અથવા સંપન્નતા નષ્ટ કરવાનો પ્રયત્ન કરે છે. એવા મનુષ્યો બીજાની સાથે નકામી શત્રુતા બાંધે છે. અને પોતાનાં શરીરમાં એક જાતનો રોગ દાખલ કરે છે. એક એવી કથા છે કે એક વખત કેટલાક લોકો એક ઘણા જ દુર્બળ અને રોગી માણસને રાજા ભોજની પાસે પકડીને લઇ ગયા. જ્યારે રાજાએ તેને પૂછયું કે તમારી આ દશા કેમ છે? ત્યારે તેણે જવાબ આપ્યો કે " બાલ્યાવાવસ્થામાં હું આપનો સહાધ્યાયી હતો,:આપની બુદ્ધિમત્તા અને યોગ્યતા વિગેરે જોઇને તે સમયે હું આપની ઇર્ષ્યા કરતો હતો, તે ઉપરાંત જ્યારે આપને રાજગાદી મળી ત્યારે તો વળી મારી ઇર્ષ્યા ઘણીજ વધી ગઇ. હું આપનો આટલો બધો રાજવૈભવ જોઈ રહ્યો છું ત્યારે તો મારા શરીર આખામાં અગ્નિ જ લાગી રહી છે. આપની દાનશીલતા, અને આપનું યશસ્વીપણું જોઇને તો મને અત્યંત વેદના થાય છે. મને સંસારમાં કશું પણ સારૂં લાગતું નથી. એ બધા કારણોને લઈને હું આ દુર્દશા ભોગવી રહ્યો છું. " એ સાંભળીને રાજાએ એને એક સુંદર ભવ્ય મકાન રહેવા માટે આપ્યું, તેની સેવા કરવામાં નોકર ચાકર રાખી દીધા અને તે ઉપરાંત તેને પુષ્કળ ધન આપ્યું. તેને હાથી ઘોડા વિગેરે ઘણી રિયાસત આપી અને એક સુંદરીને સાથે તેનું લગ્ન પણ કરાવી આપ્યું. રાજાએ તેને એમ પણ કહી દીધું કે તમારે કદિ પણ કોઇ જાતની ચિંતા કરવી નહિ અને જે ચીજની જરૂર પડે તે મારી પાસેથી તુરત મંગાવી લેવી. કેટલાક દિવસો વીત્યા બાદ રાજાએ એને બોલાવીને જોયું તો તે સમયે પણ તેની દશા પહેલાંના જેવી જ હતી. એ વખતે રાજાએ તેને એનું કારણ પૂછયું ત્યારે તેણે કહ્યું કે મારી પાસે બધી જાતની સુખ-સામગ્રી તો છે, પરંતુ કોઈ જાતનો અધિકાર નથી. તુરત જ રાજાએ એને એક પ્રતિષ્ઠિત પદ ઉપર નિયુક્ત કર્યો અને તેની એ મનઃકામના પુરી કરી. પરંતુ તેનાથી પણ એની દશા બદલાણી નહિ. એને અમુક જાગીર સુદ્ધાં પણ આપી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરંતુ તેની દશા તો એની એજ રહી. એ તો રોગી અને દુર્બળ જ રહ્યો. છેવટે તેણે રાજાને કહ્યું કે મારૂં હૃદય ત્યારે જ શાંત થશે કે જ્યારે હું ઉજ્જયિનીના સિંહાસન પર બેસીશ. રાજાને સમજાઇ ગયું કે આ માણસ ઇર્ષ્યાને લઇને જરૂર મરી જશે. તેને બચાવવાનો હવે કોઇ બીજો ઉપાય નથી જ. અને છેવટે થયું પણ તેમજ. તે મનુષ્ય ઇર્ષ્યાને લઇને હેરાન થઇને મરી ગયો.

ઇર્ષ્યાળુ મનુષ્ય હમેશાં બીજાની પ્રતિષ્ઠા અથવા વૈભવ વિગેરે નષ્ટ કરવામાં પ્રયત્નશીલ રહે છે. તે બીજાની પ્રત્યેક વાતનો ખરાબ અર્થ જ કરે છે. તેમજ બીજાનાં કાર્યો વિષે તેનો અભિપ્રાય પણ દુષ્ટ જ હોય છે. બની શકે ત્યાંસુધી તે બીજાનો અપકાર કરવાની જ તક શોધ્યા કરે છે. એવો મનુષ્ય પોતે કેટલો ખરાબ હોય છે અને કેટલું ખરાબ કરી શકે છે, તે જણાવવાની આવશ્યક્તા નથી. એવા મનુષ્યથી હમેશાં ચેતતા રહેવું જોઇએ. ઇર્ષ્યાનું એક સાત્વિક રૂપ છે જેને સ્પર્ધા કહેવામાં આવે છે અને જે શ્રેષ્ટ તેમજ બહુ જ લાભદાયક છે. આપણા ગુણો વિગેરેને આપણાથી કોઇ વધારે ગુણવાન પુરૂષના ગુણોની સાથે સરખાવાની અને આપણી જાતને તેના જેવા ગુણવાન બનાવવાની ઇચ્છાનું નામ જ સ્પધા છે. ઇર્ષ્યાની માફક એમાં બીજાના ગુણો અથવા વૈભવ વિગેરેનો હ્રાસ કરવાનો દુષ્ટ ભાવ મનમાં નથી થતો, પરંતુ સુંદર ઉપાયો વડે તેની સમાન કોટીના બનવાની સાત્વિક અને પ્રશંસનીય કામના હોય છે. એનાથી તો મનુષ્યનો આત્મા ઉર્ધ્વગામી બને છે અને તેને ગુણવાન અને યશસ્વી બનવામાં ઉત્તેજન મળે છે, એવા મનુષ્યનું લક્ષ હમેશાં મહાન પુરૂષો તરફજ રહે છે અને તેને પોતાને મહાન પુરૂષ બનવામાં વધારે વિલંબ નથી લાગતો. તેનો ઉદ્દેશ્ય સારો અને મહત્વપૂર્ણ હોય છે અને સંસારમાં તેના યશનો ઘણો વિસ્તાર થાય છે.

જે રીતે મોટાની સાથે સ્પર્ધા કરવી એ ઉપયોગી અને આવશ્યક છે તેજ રીતે તેઓમાં શ્રદ્ધા અને ભક્તિ રાખવા તે પણ ઉપયોગી અને આવશ્યક છે. શ્રદ્ધા એ બીજું કાંઇ નહિ પણ બીજાના સારા ગુણોનો સ્વીકાર માત્ર છે. જે મનુષ્ય માનવ–જાતિનું કલ્યાણ થાય એવાં કાર્યો કરે છે તેના પ્રત્યે મનુષ્યનાં મનમાં શ્રદ્ધા ઉત્પન્ન થાય છે. જો આપણે કોઇ વિદ્વાનને સ્વાર્થત્યાગ પૂર્વક લોકોને કેળવણી આપવામાં દત્તચિત્ત જોઇએ અથવા કોઇ ધનવાનને દીન–દુઃખી લોકોના કષ્ટ દૂર કરતો જોઇએ તો આપણું પરમ કર્તવ્ય છે કે જો તેના તે ગુણોનો મુક્તકંઠે સ્વીકાર કરીએ અને ખરેખરા અંતઃકરણ :પૂર્વક તેની પ્રશંસા કરીએ. એમ કરવાથી સૌથી મોટો લાભ તો એ થવાનો કે આપણા હૃદયમાંથી મિથ્યાભિમાન ચાલ્યું જશે, નિસ્વાર્થ ભાવે કાર્ય કરવા તરફ આપણી પ્રવૃત્તિ થશે અને તે સાથે આપણામાં નમ્રતા તથા વિનયનો સંચાર થશે એટલું તો સ્વતઃસિદ્ધ છે કે જે મનુષ્ય સ્વાર્થી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અભિમાની અથવા ઉદ્દણ્ડ હશે તેનાં મનમાં શ્રદ્ધા ઉત્પન્ન જ નહિ થઇ શકે. તેથી જ પ્રકારાન્તરથી શ્રદ્ધા એ દોષોનો નાશ કરે છે. આપણે આપણાં અંતઃકરણને એટલું બધું સંકુચિત તેમજ મલિન ન રાખવું જોઇએ કે આપણામાં બીજાનાં સારાં કાર્યોનું મૂલ્ય આંકવાની શક્તિ જ ન રહે અને બીજાનાં સદ્ગુણો ગ્રહણ કરવાની યોગ્યતા પણ ન રહે.

મનમાં શ્રદ્ધા–ભાવ ઉત્પન્ન થવા માટે મનુષ્યમાં વિનય અને નમ્રતાની આવશ્યકતા રહેલ છે. એ વિનય અને નમ્રતાનો ઉપયોગ કેવળ ગુણ–ગ્રાહકતામાં જ થાય છે એટલુંજ નહિ પરંતુ બીજાં પણ અનેક સત્કૃત્યોમાં થાય છે. વિનય અથવા નમ્રતા એ એક એવો પૉલીશ છે કે જે સઘળા ગુણો ઉપર ઘણી સારી રીતે ચઢાવી શકાય છે. જે રીતે ખુરશી, મેજ વિગેરે ફર્નીચર તૈયાર થયા પછી તેને પૉલીશ કરવાની જરૂર છે તેવી રીતે ધન, વિદ્યા, બુદ્ધિ, બળ, અધિકાર વિગેરે પ્રાપ્ત થયા પછી નમ્ર અને વિનયશીલ થવાની પણ મહાન આવશ્યકતા છે. કોઇપણ મનુષ્યના ગુણોનું મહત્વ ત્યારેજ ઘણું વધી જાય છે કે જ્યારે તેનામાં વિનય અથવા નમ્રતાની યથેષ્ટ માત્રા જોવામાં આવે છે. કોઈ ઉદ્દણ્ડ પંડિત પ્રત્યે એટલી શ્રદ્ધા નથી ઉત્પન્ન થતી જેટલી કોઇ નમ્ર પણ સાધારણ મનુષ્ય પ્રત્યે થાય છે. ઉદ્દણ્ડ મનુષ્યથી લોકો હમેશાં ભયભીત અને શંકાશીલ રહે છે અને ઘણીજ જરૂર પડે ત્યારેજ તેની સાથે વ્યવહાર અથવા સંબંધમાં પડે છે. પરંતુ નમ્ર અને વિનયશીલ મનુષ્યની સાથે સર્વ લોકો સર્વસ્થિતિમાં સંબંધમાં પડવા તૈયાર રહે છે. એ સિવાય ઉદ્દણ્ડતા હમેશાં આપણને જ્ઞાનોપાર્જનમાં બાધારૂપ થઇ પડે છે. ઉદ્દણ્ડતાને લઇને મનુષ્ય કોઈ કોઇવાર પોતાને ઘણું નુકસાન કરી બેસે છે. ધારો કે કોઇ વિકટ પ્રસંગ આવી પડયો અને કોઇ ભલા માણસે આપણને કોઇ સારી યુક્તિ દેખાડી. હવે જો આપણે ઉદ્દણ્ડ હશું તો જરૂર તેના વિચારનો કે સલાહનો તિરસ્કાર કરશું જેનું હાનિકારક પરિણામ આપણે ભોગવવું પડશે. પરંતુ જો આપણામાં નમ્રતાનો ગુણ હશે તો આપણે સહેલાઈથી એની સલાહ માન્ય રાખશું જેથી કરીને આપણું અનાયાસે ઘણું હિત થશે. ગુણ–ગ્રહણ તેમજ કાર્યસાધન વિગેરેના સંબંધમાં પણ એજ સમજવું. નમ્ર મનુષ્ય ઘણાજ અલ્પ સમયમાં સારી સારી બાબતો શીખી લે છે અને મોટાં મોટાં કાર્યો કરી શકે છે. પરંતુ ઉદ્દણ્ડ મનુષ્ય મોટે ભાગે તો વિદ્યા અને સદ્ગુણોથી રહિતજ રહી જાય છે અને તેથી કોઇ મહાન કાર્ય કરવાને પણ અસમર્થ બને છે.

પ્રત્યેક મનુષ્યને માટે એટલું પણ જરૂરનું છે કે તેણે હમેશાં સંતુષ્ટ રહેવું જોઇએ અને કદિપણ નિરાશ ન થવું જોઇએ. ઘણાએ લોકો એવા હોય છે કે જેઓ પોતાની ગમે તેવી સારી વર્તમાન સ્થિતિથી કદિપણ સંતુષ્ટ રહેતા નથી અને હમેશાં ઇશ્વર, ભાગ્ય, પરિસ્થિતિ વિગેરેની ફરિયાદ કર્યા કરે છે. નૈતિક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દ્રષ્ટિએ જોતાં એવા લોકો તદ્દન નકામા અને ઘણું કરીને સમાજને ઘણાજ હાનિકારક નીવડે છે. જેવી રીતે કોઇ કુટુંબમાં જે માણસ સાૈથી વધારે ખરાબ હોય છે તે સાૈથી વધારે તકરાર કરે છે, તેવી રીતે સમાજમાં જે મનુષ્ય વધારે નકામો હોય છે તેજ વધારે ફરીયાદો કરે છે અને અસંતુષ્ટ રહે છે. અસંતોષ આપણને કેવળ અકર્મણ્યજ બનાવે છે એટલુંજ નહિ પણ આપણા હૃદયની શાંતિમાં ભારે અડચણકર્તા બને છે. જે મનુષ્ય પોતાની વર્તમાન નિકૃષ્ટ દશામાં પણ સંપૂર્ણ પ્રસન્નતાપૂર્વક દિવસો વિતાવી શકે છે તે પોતાની સ્થિતિને ઉત્કૃષ્ટ બનાવવા શકિતવાન બને છે. વાસ્તવિક દ્રષ્ટિએ જોઇએ તો મનુષ્યની સઘળી દશાઓ બીજાની અપેક્ષાએ સંતોષજનક જ છે. આ પ્રસંગે હજરત શેખ સાદીની એક વાત યાદ આવી જાય છે. એક વખત ઘણા દિવસોસુધી તેમને પગમાં પહેરવા માટે પગરખાં ન મળ્યા, એનાથી તેમને એક દિવસ જરા અસંતોષ થયો. થોડીવાર પછી તેમને એક એવો માણસ મળ્યો કે જેના બન્ને પગ કપાયલા હતા. તેની દશા જોઇને શેખ સાદીએ મનમાં વિચાર કર્યો કે મારા પગમાં પગરખાં નથી તો શી ચિંતા છે ? પ્રભુ કૃપાથી મારા પગ તો સહીસલામત છે ને ? તાત્પર્ય એ છે કે આપણે કદિપણ ગમે તેવી નિકૃષ્ટ સ્થિતિ મુકાઇએ તો પણ આપણે કદિપણ અધીરા ન બનવું જોઇએ. અને જે લોકો આપણાથી પણ હલકી સ્થિતિમાં મુકાયા હોય તેઓના દાખલાથી આપણે સંતોષ ધારણ કરવો જોઇએ. આમ કરવાથી આપણે વ્યર્થ ચિંતા અને માનસિક દુ:ખથી બચી શકશું.

આ પ્રકારના સંતોષને કદિપણ આપણા કર્તવ્યપાલનમાં બાધક ન થવા દેવો જોઇએ. નહિ તો ‘ આળસુ પડયો કુવામાં તો કહે અમને અહિંઆ જ આરામ છે. ’ એ કહેવત આપણા માટે ખરી પડશે. અમારૂં કહેવાનું તાત્પર્ય તો એટલુંજ કે મનુષ્યે સંતોષ ધારણ કરીને વ્યર્થ ચિંતાઓ કરવામાં પોતાના અમૂલ્ય સમય ગુમાવવો નહિ તેમજ જે સ્થિતિમાં હોય તે સ્થિતિમાં સંપૂર્ણ પ્રસન્નતાપૂર્વક રહેવું. કેવલ અસંતોષ રાખવાથી આપણી સ્થિતિમાં કદિપણ ફેરફાર થઇ શકતો નથી. ઉલ્ટું તે આપણાં મનને દુ:ખી અને ક્ષુબ્ધ તો જરૂર કરશે. ખરાબ સ્થિતિમાંથી સારી દશામાં તો મનુષ્ય કેવળ કર્મણ્યતાની સહાયતાથી જ આવી શકે છે, તો પછી સંતોષ ધારણ કરીને આપણે આપણાં ચિત્તને પ્રસન્ન શામાટે ન રાખવું ? અસંતુષ્ટ બનીને તો આપણે આપણા માટે આનંદ તથા શાંતિના દ્વાર બિલ્કુલ બંધજ કરી દઇએ છીએ. માંદગી આવતાં રોવા કકળવાથી કદિપણ લાભ થતો નથી, પરંતુ તેને દૂર કરવાના યોગ્ય ઉપાયો લેવાથીજ ફાયદો થાય છે. સંતોષ અને અસંતોષમાં એટલોજ તફાવત છે. અસંતોષથી બીજું એક મોટું નુકસાન એ થાય છે કે આપણને આપણી સ્થિતિ વધારે ખરાબ જણાય છે અને નાની મુશ્કેલીઓ પર્વત જેવી લાગે છે. એ રીતે અસંતુષ્ટ બનીને આપણેજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપણું દુઃખ વધારવામાં નિમિત્ત બનીએ છીએ. બીજી બાબતોના સંબંધમાં તો આ અસંતોષ વધારે હાનિકારક નથી થતો; પરંતુ ખાસ કરીને દ્રવ્ય સંબંધી અસંતોષ બહુ ખરાબ અને નુકશાનકારક છે. દ્રવ્ય સંબંધીનો અસંતોષ માણુસને લોભી બનાવી મુકે છે અને લોભી મનુષ્ય ઘણે ભાગે વિવેકશૂન્ય બની જાય છે.

કેટલાક મનુષ્યોનો સ્વભાવ એટલો બધો ખરાબ હોય છે કે તેઓ હમેશાં નિરાશ અને મુખ્યત્વે કરીને દુઃખીજ રહે છે. એવા લોકોએ સમજવું જોઈએ કે નિરાશ રહેવું એ મોટી ભૂલ છે એટલુંજ નહિ પણ તે અકર્મણ્યતા અથવા કાયરતાનું ચિહ્ન છે. જે મનુષ્ય કર્મણ્ય, સાહસિક અને પરિશ્રમી હોય છે તે કદિપણ નિરાશ થતો નથી, તે ઉપરાંત જે મનુષ્ય નિરાશ હોય છે તે નિરૂત્સાહી પણ બની જાય છે અને નિરૂત્સાહ કાર્યસિદ્ધિ અથવા સફલતામાં બાધક બને છે. પરંતુ જે મનુષ્યનાં હૃદયમાં આશાનો નિવાસ હોય છે તે પોતાના ઉત્સાહ અને સાહસના બળથી આગળ વધ્યે જાય છે અને છેવટે સફલ–મનોરથ બને છે. જો બરાબર વિચાર કરીએ તો આપણને જણાશે કે આશા એજ બળ છે. નિરાશ મનુષ્યનું હૃદય તો ભગ્ન થઈ ગયેલું અને બળ વગરનું હોય છે. આશાજ મનુષ્યને વિચારશીલ બનાવે છે અને કાર્યસિદ્ધિના સારાં સારા માર્ગો બતાવે છે; પરંતુ નિરાશા મનુષ્યને ભ્રમમાં નાંખી દે છે જેથી મનુષ્ય અનેક ભૂલો કરી બેસે છે. મનુષ્યને દૂરદર્શી બનવામાં પણ આશાની ઘણી સહાયતા મળે છે.

આશાવાદી બનવું એ મોટા સદ્ભાગ્યની વાત છે. આશા એ એક સર્વોત્તમ ઇશ્વરી બક્ષીસ ગણાય છે. ઘણા મનુષ્યોના હૃદયમાં અનેક પ્રસંગે આશાનોજ નિવાસ રહે છે જેને લઇને સંસારનાં બધા કાર્યો થાય છે. જે લોકોની પાસે કશું બળ નથી હોતું તેઓ પણ આશાના અવલંબથીજ જીવે છે. દીન, દુઃખી અને દરિદ્ર મનુષ્યોને માટે તો આશા એજ જીવન છે. સંસારના સઘળાં મહાન કાર્યો આશાને આધારેજ થાય છે. ભણવા ગણવાનું કામ, પૈસા કમાવાનું કામ, અને બીજાં અનેક કાર્યો આશાના આધારેજ થાય છે. ભવિષ્યમાં સુખ અથવા લાભ થશે એવી લોકો આશા રાખે છે અને એને આધારેજ તેઓ સઘળાં કાર્યો કરે છે. સાંસારિક કાર્યને સંચાલન કરનાર પ્રધાન શકિત આશાજ છે. જો આશાનું અવલંબન ન હોય તો તો ભવિષ્ય નરક તુલ્યજ થઇ જાય. જે આશાનું આટલું બધું મહત્વ છે તેનો ત્યાગ કરીને નિરાશ બનવું એ મોટી મૂર્ખાઇ છે અને તેને પોતાના પગમાં જ કુહાડી મારવા જેવું છે.

સંપુર્ણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ભોગ લાલસાને તજવાની-જીતવાની જરૂર.

૧ ભોગલાલસાવર્તી આત્મા કર્મના લેપથી મલીન થવા પામે છે. અને ભોગ લાલસાનો ત્યાગી આત્મા કર્મથી લેપાતો નથી. ભોગ લાલસાવંત આત્મા સંસાર ચક્રમાં ભ્રમણુ કરતો રહે છે અને ભોગ લાલસાનો ત્યાગી મહાત્મા ભવભ્રમણુથી મુકત થાય છે.

૨ એક લીલો અને બીજો સુક્કો એવા બે માટીના ગોળાને ભીંત સામે અફળાવ્યા છતાં જે લીલો ગોળો છે તે ભીંતને વિષે ચોંટી જાય છે, સુક્કો ગોળો ભીંતમાં ચોંટતોજ નથી.

૩ એ રીતે જે કોઇ કામ ભોગની લાલસાવાળા દુર્બુદ્ધિ મોહમૂઢ જનો છે તેઓ સંસારમાં ચોંટી રહે છે, અને સુક્કા ગોળાની જેવા જે કોઇ ભોગલાલસાથી વિરકત થયેલા છે તે સંસારમાં ચોંટતા નથી પરંતુ શીઘ્ર મુકત થાય છે. ભોગ લાલસા ભવભ્રમણુકારી જાણી સુજ્ઞ જનોને તજવા યોગ્ય છે. ઇતિશમ.

## નિર્ગ્રંથનો નિરૂકત-વાચ્યાર્થ.

**ગ્રંથ** કહીએ **અષ્ટવિધ કર્મ** અને તે કર્મ બંધના હેતુ રૂપ **મિથ્યાત્વ, કષાય, અવિરતિ** અને **દુષ્ટ મન વચન ને કાયાના યોગ** ( વ્યાપાર ) તે સઘળાં કર્મો અને તે કર્મના બંધ હેતુ રૂપ મિથ્યાત્વ, કષાયાદિકને ટાળવા (જીંતવા નિગ્રહ કરવા ) જે સરલ ભાવે ત્રિકરણુ યોગે સાવધાનપણે **પ્રયત્ન કરે છે તે ખરા નિર્ગ્રંથ** લેખાય છે.

ઇતિશમ

**સ૦ શ્રી કર્પૂરવિજયજી મહારાજ.**

## અમે આવા ગુણવાળાને બ્રાહ્મણ કહીએ છીએ.

( શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર ) અનુવાદક સન્મિત્ર કર્પૂરવિજયજી મહારાજ.

૧ ઘી સિંચેલા અગ્નિની પેરે પૂજિત અને કેવળજ્ઞાનીએ જેને વખાણેલ છે એવા સદ્ગુણવંતને અમે બ્રાહ્મણુ કહીએ છીએ ( તે પાંચ મહાવ્રતધારી સાધુજનોજ છે ).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨ જે સ્વજન–કુટુંબવાળા સ્થાને આવી હર્ખાતા નથી અને બીજા સ્થાનકે જતાં ખેદ ધરતો નથી તથા તીર્થંકર પ્રભુનાં પ્રકાશેલાં વચનોમાં રમણ કરે છે તેને અમે બ્રા૦

૩ નિર્મળ કરેલા ને ઓપેલા સુવર્ણ જેવા યથોકત તપ વડે વિશુદ્ધ થયેલા ને રાગ દ્વેષ તથા ભય રહિતને અમે બ્રા૦

૪ તપ વડે કૃશકાયાવાળા, ઇન્દ્રિયોને દમનારા, માંસ લોહી જેના સૂકાણા છે એવા, અહિંસાદિક વ્રતો પાળવામાં સાવધાન અને જેણે ક્રોધાદિક કષાય ટાળ્યા છે. તેને અમે બ્રાહ્મણ૦

૫ કોઇ જીવને કોઇ રીતે હણતા નથી તેને અમે બ્રાહ્મણ૦

૬ ક્રોધથી, લોભથી, હાસ્યથી કે ભયથી જે કદાપિ જૂઠ બોલતા નથી તેને અમે બ્રાહ્મણ લેખીએ છીએ.

૭ સજીવ અજીવ કે મિશ્ર થોડી કે ઘણી કોઇ ચીજને જે કદાપિ ગ્રહણ કરતાજ નથી તેને અમે બ્રાહ્મણ લેખીએ છીએ.

૮ દેવ, મનુષ્યને તિર્યંચ સંબંધી વિષય ભોગ મન વચન ને કાયાથી જે કદાપિ કરતાજ નથી તેને અમે બ્રાહ્મણ૦

૯ જેમ જળમાં ઉત્પન્ન થયેલ કમળ જળથી લેપાતું નથી તેમ જે કામ ભોગથી જરાએ લેપાતાજ નથી તેને અમે બ્રાહ્મણ૦

૧૦ લોલુપતા રહિત, કેવળ સંયમની રક્ષા માટેજ પિંડને પોષનાર, ગૃહ રહિત, પરિગ્રહ રહિત અને ગૃહસ્થોના પરિચય રહિત નિર્લેપપણે સંયમ સાધનારને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

૧૧ જે માત પિતા બાંધવો તથા જ્ઞાતિ સંબંધ છોડીને ભોગ તૃષ્ણા તજી સાવધાનપણે સંયમનું પાલન કરતા રહે છે તેને અમે બ્રાહ્મણ૦ ઇતિશમ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# " શિખરપરથી દૃષ્ટિપાત "

હમણાં શીખરજીમાં દિગંબરોનો એક મોટો સંઘ ભેગો થયો હતો તે વખતે અનેક સભાઓ પણ રાખવામાં આવી હતી. હવે બધાના ખબરો આવી રહ્યા છે કે બધામાં મુખ્ય કામ દિગંબર તીર્થરક્ષક કમિટીએ કર્યું છે અને તે એજ કે શ્વેતાંબરો સામે ઝુંબેશ ચલાવી દરેક શ્વેતાંબર તિર્થોમાં દિગંબરનો અર્ધો હિસ્સો માગવો–મેળવવો–અને તેને માટે સારૂં જેવું ફંડ કર્યું, દરેક દિગંબરે દર વર્ષે એક રૂપિયો આ કમીટીમાં આપવો તેવો ઠરાવ ફરીથી પણ કર્યો છે. સાથે સાથે દરેક વક્તાઓએ કેસરીયાજીના ઝગડાનો દુઃખદ પ્રસંગને સંભળાવી લોકોને શ્વેતાંબર સંઘ સામે ઉશ્કેરવાનો વ્યર્થ પ્રયાસ કરવામાં ગૌરવ માન્યું છે. શું એકજ પિતાના પુત્રો હોવાનો દાવો રાખનાર બન્ને સમાજો સદાને માટે આમ લઢયા જ કરશે ? આજે જ્યારે હિન્દ પ્રગતીના પંથે પળે છે આજે હિંદમાં જ્યારે ઐક્ય ભાવનાની જ્યોતિ પ્રગટ થતી જાય છે એ સમયમાં લઢવા માટે પૈસા ભેગા કરવામાં શું લાભ પ્રાપ્ત થવાનો છે એ તો દિગંબરી નેતાઓજ જાણે. પણ તેઓ એટલું યાદ રાખે કે સમાજ અધઃપાતના ગર્તમાં ઉંડી ઉતરતી જાય છે અને એનું પાતક–કલંક **એમને શિરે ચોંટે છે.**

× × × + ×

આ વખતે ગુજરાતને એક અણમૂલ લ્હાવો મલ્યો છે. જૈન સમાજના બે સમર્થ સ્થંભો સમા બે આચાર્યો ગુજરાતમાં પધાર્યા છે. આચાર્ય શ્રી સાગરાનંદસૂરિજી અને આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજી. બન્નેની શાસન સેવા પ્રસિદ્ધ છે. આચાર્ય શ્રી આણંદસાગરજી માળવા મેવાડ અને બંગાળમાં વિચરી અનેક શુભ કાર્યો કરી પધાર્યા છે તેમજ આચાર્ય શ્રી વલ્લભવિજયજી પણ પંજાબમાં વિચરી પંજાબમાં જીનશાસનની ધ્વજા ફરકાવી પાછા પધારે છે બન્નેને અમારાં અંતરના અભિનંદન છે તેઓ અહીં રહી સમાજને પોતાની શક્તિનો લાભ આપે એમ ઇચ્છીએ છીએ. બંન્ને પોતપોતાની કક્ષામાં રહી મંડન પદ્ધતિએ કામ કરે અને સમાજમાં જાગૃતી લાવી નવચેતનની જ્યોતિ પ્રગટાવે; તેમજ ગુજરાત પણ એમની કાર્યશક્તિનો લાભ મેળવી કાંઇક જીવંત પગલું ભરે અને મીઠા સંગમના ડકાર સંભળાવે. **આપણામાં સાહિત્ય પ્રચારની હજી જોઇએ તેટલી** કિમ્મત અંકાઇ નથી. આજે જૈનજગતને કાંઇક નુતન જોઇએ છીએ. વૈદિક સાહિત્ય તો ચર્વીતચર્વણ જેવું થઇ ગયું છે. તેમજ બીજું પણ જુનું સાહિત્ય જોવાઇ ગયું છે. હવે ઘણાની નજર જૈન સાહિત્ય ઉપર ઠરે છે. જૈન સાહિત્ય ઘણાજ વિપુલ પ્રમાણમાં છે. જે સાહિત્ય બહાર પડયું છે તે તો અંશ રૂપે છે; હજી તો ઘણું સાહિત્ય **ભંડારોમાં ભર્યું પડયું છે કે જેને વર્ષમાં એક દિવસ પણ સૂર્યનો પ્રકાશ નથી સ્પર્શતો.** આજે સસ્તિ કિંમતે મૌલિક જૈન સાહિત્ય બહાર મુકવામાં આવે અને છૂટે હાથે જૈન સાહિત્ય પહોંચાડવામાં આવે તો જૈન ધર્મ ફરીવાર વિશ્વધર્મ બને તો તેમાં કાંઇ આશ્ચર્ય પામવા જેવું નથી. આજે ઇસાઇઓ છૂટે હાથે પોતાના સાહિત્યનો પ્રચાર કરે છે તો તેમના સાહિત્યભક્તોની સંખ્યા કેટલા વિપુલ પ્રમાણમાં છે તે કોઇથી અજાણ્યું નથી. જૈન ધર્મનાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાહિત્યમાં એવા પ્રેરક–તત્વો ભર્યાં છે કે આજના યુગને તે જરૂર સંતોષ આપી શકે. **આજના** યુગ **બળને તે શાંતિનાં અમૃત** પાશે. **આજના જડવાદને ચેતનનું ભાન** કરાવશે. **આપણું સાહિત્ય જગતમાં અપૂર્વ બળ અને ઉન્નત ભાવનાઓ પ્રગટાવશે અને સત્યના સૂર્યનું તેજ જગતભરમાં** ફેલાશે. તેમજ એ સર્વજ્ઞ પ્રરૂપિત હોવાથી અત્યારના નવયુગને સત્ય માર્ગ ચોક્કસ બતાવશે.

× × × × ×

જૈન સાહિત્યપ્રચાર કેવી રીતે થાય તે જોઇએ. એક ગુજરાતી સસ્તા સાહિત્ય જેવી સંસ્થા ઉભી થવી જોઇએ. જૈન શ્રીમંતો તેમાં દાનનો વર્ષાદ વરસાવી તેને **અચલ કરે.** તેમજ તેમાં સારા વિદ્વાન આચાર્યો, સાધુઓ અને પંડિતોને ખાસ આત્મભોગથી રોકવામાં આવે, એક પાશ્ચાત્ય વિદ્વાન તેમાં હોય અને આપણું પ્રાચિન મૌલિક સાહિત્ય પાશ્ચાત્ય પદ્ધતિએ છપાઇ બહાર પડે. બહાર પડતાં પહેલાં સંસ્થામાં રહેલ વિદ્વાન સાધુઓ તેને તપાસે શુદ્ધ કરે અને પછી જ તે બહાર પડે. શુદ્ધિને માટે તે બહુજ ચોક્કસાઇ રાખે: દરેક ગ્રંથ **ઉપર સંસ્કૃત અને ઇંગ્લીશ પ્રસ્તાવના, ગ્રંથકારની પીછાણ, તેમનો ગ્રંથ બનાવવાનો સંવત્ તે વખતની પરિસ્થિતિ, તે વખતના અન્ય જૈન જૈનેતર વિદ્વાનો અને તેમની યોગ્ય મળે તેટલી માહેતી ઐતિહાસિક પ્રમાણોથી રજુ કરવામાં આવે.** તેમજ દરેકમાં જ્યાં જરૂર જણાય ત્યાં યોગ્ય **નોટસ્–ટીપ્પણી આપવામાં આવે** અને છેલ્લે **પરિશિષ્ટો આપી અન્ય પ્રતો અને બીજી કેટલીએક ઉપયોગી બાબતો ચર્ચવામાં આવે.** બને તો **સંસ્કૃત અને ઇંગ્લીશમાં તદ્દન ટુંક સાર આપવામાં આવેતો તો ઘણુંજ શ્રેષ્ટ લેખાય.** આ સિવાય કોઇ દાર્શનીક વિષય હોય કે ન્યાયનોજ ગ્રંથ હોય તો જ્યાં જે દર્શનનું ખંડન મંડન કરવામાં આવ્યું હોય તો તે દર્શનના મૂલ ગ્રંથોનાં તેને મળતાં સૂત્રો કે ટીકાઓ પણ મુકવામાં આવે જેથી વાંચકને બંન્ને દષ્ટિનું જ્ઞાન થવા સાથે એ નિઃશંક બની સત્ય સમજાય. જો કે આ કાર્યમાં મુશ્કેલી ઘણી છે. પણ મુશ્કેલી ભોગવ્યા સિવાય મુક્તિ મળવી મુશ્કેલ છે તેમ સમજી જૈન સાહિત્યની સેવા અર્થે જ્ઞાનની ઉપાસનાને અર્થે આટલું જરૂરી છે. તે સાહિત્ય જે કિમ્મતે તૈયાર થયું હોય તેથી પણ અર્ધી કિમ્મતે વેચાય અને જેને જોઇએ તેને છૂટથી આપવામાં આવે. આપણામાં જેમ સંઘ, ઉજમણાં. ઉપધાન, સ્વામીવાત્સલ્ય, આદિ આવશ્યક મનાય છે, તેમજ આ સાહિત્ય પ્રચાર આવશ્યક સમજાય અને સાત ક્ષેત્ર પૈકી આ પણ એક ક્ષેત્ર છે તેમ સુપાત્ર દાનનું મહાત્મ્ય–ફળ સમજી આપણા શ્રીમંતો આ તરફ પણ લક્ષ્ય આપે તો સારૂં. આમાં પણ જીનશાસની પ્રભાવના અને જીનશાસનનું અપૂર્વ ગારવ સમાયું છે. મહારાજા કુમારપાલે અને વસ્તુપાલ તેજપાલે પોતાના ખર્ચે અનેક જ્ઞાનભંડારો કરાવ્યા હતા. તો આ સાહિત્ય પ્રચાર એ પણ તેનું એક આવશ્યકીય અંગ છે એમ સમજી અમારા નેતાઓ આ સંબંધી યોગ્ય ચળવળ ઉઠાવી સમાજને જાગૃત કરી વીરધર્મને પુનરપિ વિશ્વ ધર્મ બનાવવાનું પુણ્ય હાંસલ કરે એ ઇચ્છીએ છીએ.

**તુલનાત્મકદષ્ટિ.**

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વર્તમાન સમાચાર.

**આ સભાનો ૩૨ મો વાર્ષિક મહોત્સવ–સભાની વર્ષગાંઠનો મંગળમય દિવસ અને પ્રાતઃસ્મરણીય શ્રી વિજયાનંદ સુરીશ્વરજી ( આત્મારામજી ) મહારાજની આ સભાએ ઉજવેલી જયંતી.**

## આજના મંગળમય દિવસે પવિત્ર શ્રી શત્રુંજય તીર્થનું થયેલ સમાધાન, આવેલ સંતોષકારક નિવેડો.

આજના મંગળમય દિવસે નીચે પ્રમાણે માંગલિક મહોત્સવો અને ગુરૂ ભકિત કરવામાં આવ્યા હતા. સાથે આજેજ શ્રી શત્રુંજયના સંતોષકારક સમાધાનના તાર સમાચાર સીમલાથી ફરી વળવાથી, તા. ૧ જુન ૧૯૨૮ થી યાત્રા ખુલવાની હોવાથી આખી જૈન સમાજને અપૂર્વ આનંદનો દિવસ હોવાથી, આ સભાને પણ તેટલાજ આનંદ સાથે અતિ ગૌરવ લેવા જેવુ અને સભાના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે વિશેષ લખાવા જેવો આ આનંદમય પ્રસંગ દેવગુરૂ કૃપાથી સભાના વાર્ષિક મહોત્સવના દિવસે બનેલ હોવાથી આટલો હર્ષ આ સભા વિશેષ બતાવે છે. દર વર્ષ મુજબ નીચે પ્રમાણે માંગલિક પ્રસંગો ઉજવવામાં આવ્યા હતા.

આ સભાને બત્રીશમું વર્ષ પુરૂં થઇ જેઠ શુદ ૭ ના રોજ તેત્રીશમું વર્ષ બેસતું હોવાથી દર વર્ષ મુજબના કાર્યક્રમ અને ધોરણ અનુસાર નીચે મુખ્ય ધાર્મિક કાર્યો થયા હતા.

૧. જેઠ સુદ ૭ શનિવારના રોજ આ સભાના મકાન ( આત્માનંદ ભવન ) ને ધ્વજા તોરણ વીગેરેથી શણગારી સવારના આઠ વાગે પ્રથમ પ્રાતઃસ્મરણીય શ્રી વિજયાનંદસૂરિ ( આત્મારામજી ) મહારાજની છબી પધરાવી સભાસદોએ પુજન કર્યું હતું.

૨ સવારના નવ વાગે સભાના મકાનમાં પ્રભુ પધરાવી આચાર્ય શ્રીમદ્ વિજયવલ્લભસૂરિ મહારાજકૃત રૂષિ મંડળની પૂજા ભણાવવામાં આવી હતી. ચતુર્વિધ સંઘે તેમાં ભાગ લીધો હતો.

૩ સાંજના પાંચ વાગે આ સભાના સ્વર્ગવાસી પેટ્રન વોરા હઠીસંગભાઇ ઝવેરચંદ તરફથી સ્વામીવાત્સલ્ય કરવામાં આવ્યું હતું.

૪ જેઠ સુદ ૮ રવીવાર સવારના નવ વાગે દર વર્ષ મુજબ પ્રાતઃસ્મરણીય આચાર્ય શ્રીમદ્ વિજયાનંદસૂરિશ્વર ( આત્મારામજી ) મહારાજની જયંતી આજ રોજ ઉજવવાની હોઇ ( શ્રી સિદ્ધાચલજીની યાત્રા બંધ હોવાથી ) શ્રી તાલધ્વજગિરિ ( તળાજા તીર્થે ) જયંતી ઉજવવા માટે રેલ્વેમાં શુમારે એંશી સભાસદ બંધુઓ ગયા હતા.

૫ તેજ દિવસે ડુંગર ઉપર નવીન શ્રી પાર્શ્વનાથ પ્રભુના મંદિરમાં આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિકૃત શ્રી પંચ તીર્થની પૂજા બહુજ આનંદ અને ઉત્સાહપૂર્વક ભણાવવામાં આવી હતી, તથા સુંદર રોશની સાથે આંગી રચના કરવામાં આવી હતી અને સાંજના પાંચ વાગે ધર્મશાળામાં સ્વામીવાત્સલ્ય કરવામાં આવ્યું હતું. તથા જેઠ સુદ ૯ સોમવારના સાંજની ટ્રેનમાં ભાવનગર આનંદ સહિત પધાર્યા હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


શ્રી શત્રુંજય

તા. ૧ લી જુન ૧૯૨૮.

જેઠ શુદ ૧૩ શુક્રવાર. સંવત ૧૯૮૪

# વિજય-યાત્રા.

સિદ્ધાચલગિરી ભેટયાં રે
ધન્ય ભાગ્ય અમારા.



ના. પાલીતાણા નરેશ બહાદૂરસિંહજી
ના હાથથી આજે થયેલો
ક્રિયા મહોત્સવ.
શ્રી શત્રુંજય વિજયયાત્રા.


બ્લોક પ્રાપ્ત 'જૈન' પત્રની ઓફીસ—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી શત્રુંજયની યાત્રાના વધામણાં.



## કરારનામાની નકલ.

જૈનો અને પાલીતાણા દરબાર વચ્ચે થયેલી સમજુતીનો સાર.

શ્રી આદિનાથ જીનાલય.

એક તરફ પાલીતાણા દરબારના પ્રતિનિધિ તરીકે પાલીતાણાના ઠાકોર સાહેબ અને બીજી તરફ હિન્દની જૈન શ્વેતામ્બર મૂ. કોમના પ્રતિનિધિ તરીકે શેઠ આણંદજી કલ્યાણજી વચ્ચે સમાધાનની સરતો નીચે પ્રમાણે થઈ છે.

( ૧ ) શત્રુંજયનો ડુંગર પાલીતાણા રાજ્યની સરહદમાં અને ઈ. સ. ૧૮૭૭ ના માર્ચની ૧૬ મી સરકારી ઠરાવ નં. ૧૬૪૧ માં જણાવેલ જૈનોના હક્કો અને મર્યાદાઓથી નિયંત્રિત હકુમત નીચે આવેલો છે.

( ૨ ) ગઢમાં આવેલ સઘળી જમીન, ઝાડો, મકાનો અને બાંધ કામોનો ધાર્મિક તેમજ તેને લગતા હેતુઓ માટે ઉપયોગ કરવાને જૈનો કુલ મુખત્યાર છે અને ફોજદારી કારણ બાદ કરતાં દરબાર તરફથી કોઇપણ જાતની દરમિયાનગિરી કે દખલગીરી સિવાય ઉક્ત ધાર્મિક મીલ્કતનો વહીવટ કરવાને જૈનો હક્કદાર છે.

( ૩ ) ગઢનું હાલનું કદ કે સ્થાન ન ફેરવાય તે લક્ષમાં રાખીને જ્યારે જરૂર હોય ત્યારે પરવાનગી વિના ગઢને ફરી બાંધવાને, સુધારવાને કે સારો રાખવાને જૈનોની સત્તા છે. જો ગઢની કોઈપણ દિવાલ મંદિર સાથે જોડાએલ હોય તો આવા મંદિરની ઉંચાઈ વધારવામાં આવે ત્યારે મંદિર સાથે સંબંધ ધરાવતા ગઢના તે ભાગને, મંદિરની દિવાલ બનાવવાને જરૂર પુરતો ઉંચો લેવાને જૈનોને છુટ છે. તે સિવાય ગઢની બાકીની ભીંતો ૨૫ ફીટની ઉંચાઈ સુધી લઇ જવાની છૂટ રહેશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૪ ) ડુંગર ઉપર ગઢની બહારના અને અંદરના દેવસ્થાનોનો વહીવટ જૈનો દરબારની જરાપણ દખલગીરી સિવાય કરશે.

( ૫ ) ડુંગર ઉપર અને ગઢની બહાર આવેલાં પગલાંઓ, દહેરીઓ, છત્રીઓ, કુંડો અને વિશ્રામસ્થાનો જૈનોની માલેકીના છે. અને તેનું સમારકામ દરબારની રજાની અપેક્ષા સિવાય જૈનો કરી શકશે. કુંડ અને વિશ્રામસ્થાનોનો ઉપયોગ જૈન-જૈનેતર સર્વને માટે ખુલ્લો રહેશે.

( ૬ ) ઉપર કહેલા કુંડોમાં આવતાં કુદરતી ઝરણાંઓને દરબાર સારા રાખશે અને સુધરાવશે.

( ૭ ) ડુંગરની તળાટીથી ગઢમાં જતાં મોટા રસ્તાના નામથી ઓળખાતો રસ્તો તેમાં આવેલી હૈયારખી ( Parapet ) સાથે દરબારની કોઈપણ જાતની પરવાનગી સિવાય પોતાના ખર્ચે સમરાવવા અને સારા રાખવાની જૈનોને સત્તા છે. અને જાહેરના ઉપયોગ માટે તે ખુલ્લો રહેશે.

( ૮ ) નીચેના રસ્તાઓ દરબાર તેમના ખર્ચે સમરાવશે અને સારા રાખશે અને જૈનોને તેનો મફત ઉપયોગ કરવાની સત્તા રહેશે.

( अ ) શ્રીપૂજની ટુંક તરફ જતો રસ્તો.

( ब ) ઘેટીની પાગનો રસ્તો.

( क ) રોહીશાળાની કેડી.

( ड ) છ ગાઉનો રસ્તો.

( इ ) શત્રુંજય નદીનો રસ્તો.

( फ ) દોઢ ગાઉનો રસ્તો.

( ग ) છ ગાઉના રસ્તાને મળતા નાના નાના રસ્તા અને રોહીશાળાના રસ્તાથી નીકળીને છ ગાઉના રસ્તામાં ભળી જતો રસ્તો.

( ૯ ) મી. કેન્ડીના રીપોર્ટમાં જણાવેલા અંગારશા પીરની દરગાહ વગેરે જૈનેતર પવિત્ર સ્થાનોનું સ્વામીત્વ અને વહીવટ જૈનોના હાથમાં રહેશે. પરંતુ મહાદેવનું દહેરૂં આમાં ગણાશે નહિ. ઉપરોક્ત મહાદેવના દેરાની આસપાસ, ગઢની દિવાલોથી તેને જુદી પાડનારી દિવાલ કરી લેવામાં આવશે અને ત્યાં જવા આવવા માટે ગઢ બહાર ઇલાયદો રસ્તો કાઢવામાં આવશે. કે જેમ કરતાં ભીમકુંડ અને સુરજકુંડ મહાદેવની હદથી બહાર છે ડી દેવાશે. ( ગઢમાં રહેશે. )

( ૧૦ ) ગઢના જીનાલયો અને ટુંકો તથા ડુંગર ઉપરના બીજા ધર્મસ્થાનો જોવા આવનાર બહારના માણસોએ કેમ વર્તવું તે વિષે યોગ્ય નિયમો કરવાનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જૈનોને હક્ક રહેશે. પરંતુ જૈનેતર ધર્મસ્થાનોને અંગેના નિયમો તેમની યોગ્ય ભક્તિમાં દખલ કરે તેવા ન હોવા માટે સંભાળ રાખવામાં આવશે.

( ૧૧ ) મોટા રસ્તાની લાઈન અને ડુંગર ઉપરના અને ગઢની બહારના ઉપરોક્ત જીનાલયો, પગલાંઓ, દહેરીઓ, છત્રીઓ, વિશ્રામસ્થાનો અને કુંડો એક નકશા ઉપર દોરવામાં આવશે. જે નકશો આ કરારનામાનો એક ભાગ ગણાશે. અને તે નકશો ચોક્કસ રીતે મેળવી લેવામાં આવશે.

( ૧૨ ) જૈન મંદિરોમાં મૂર્તિઓના શણગાર માટે જે કાંઇ ઘરેણાંઓ અને ઝવેરાત આણંદજી કલ્યાણજીની પેઢી લાવશે તે ઉપર દરબાર તરફથી કંઈપણ જગાત લેવાશે નહિ. જે વસ્તુઓ ઉકત ઉપયોગ માટે છે એમ આણંદજી કલ્યાણજીની પેઢીના મુનીમ જણાવશે તે ઉપર જગાત માફ કરવામાં આવશે.

( ૧૩ ) આ કરારનામામાં જણાવેલ જૈનોના હક્કોના સંબંધમાં અને આ કરાર નામાની શરતોનો અમલ કરતાં કંઈ પણ મતભેદ થાય તો તે વિષે જૈનોની અરજી આવ્યેથી પાલીતાણાના ઠાકોરસાહેબ કારોબારી સત્તાવાહક ( Executive ) તરીકે તે બાબતનો નિવેડો લાવશે. અને આવા કોઇ પણ ચુકાદાથી જૈનો નાખુશ થાય તો એજન્ટ ટુ ધી ગવર્નર પાસે પહોંચવાનો તેઓને હક્ક રહેશે. બન્ને પક્ષોને સાંભળીને એજન્ટ ટુ ધી ગવર્નર જનરલ પોતાનો ચુકાદો આપશે અને ત્યાંથી યોગ્ય ક્રમે વડા સત્તાધિકારીઓ પાસે અપીલ કરવાનો ગમે તે પક્ષને હક્ક રહેશે.

( ૧૪ ) પાંત્રીશ વર્ષ માટે ઠરાવેલી ૬૦ હજાર રૂપીયાની વાર્ષિક રકમ પાલીતાણા દરબાર લેવાને અને જૈનો આપવાને કબુલ થાય છે. આ કરાર સને ૧૯૨૮ ના જુનની ૧ લી તારીખથી ચાલુ થશે. જેનું પહેલું ભરણું સને ૧૯૨૯ ના જુનની ૧લી તારીખે ભરવામાં આવશે. અને ઉપરોક્ત મુદત સુધી તે તારીખે પછીના વર્ષોમાં ભરણું ભરવામાં આવશે. ઉપરના ભરણાના અને ત્યાર પછીના વાર્ષીક ભરણાના બદલામાં યાત્રાવેરાને અંગે જૈનો પાસેથી કોઈ પણ જાતનો કર નહિ લેવાને દરબાર કબુલ થાય છે. આ ભરણામાં મલણું અને રક્ષણુ વિગેરેનો સમાવેશ થાય છે.

( ૧૫ ) ઉપરોક્ત પાંત્રીશ વર્ષની મુદતને છેડે ઉપરોક્ત ઠરાવેલ વાર્ષિક રકમમાં ફેરફારની માગણી કરવાને બન્ને પક્ષને છુટ રહેશે અને બન્ને પક્ષોને સાંભળીને આવા ફેરફારની રજા આપવી કે ન આપવી તે બાબતનો નિર્ણય કરવાનું બ્રીટીશ ગવર્નમેન્ટના હાથમાં રહેશે. આવી દરેક મુદતને અંતે ઠરાવેલી વાર્ષિક રકમ અને તેની મુદત ઠરાવવાનું બ્રીટીશ ગવર્નમેન્ટના હાથમાં રહેશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



* ( ૧૬ ) ઉપર દર્શાવેલ વાર્ષિક ભરણાને અંગે, આખર તારીખથી એક માસ સુધીમાં તેનો નિકાલ ન થાય તો પાલીતાણા દરબારે કયે રસ્તે કામ લેવું તે એજન્ટ ટુ ધી ગવર્નર જનરલ નક્કી કરી આપશે.

( ૧૭ ) નીચેના હુકમો કે તેનો કોઇ પણ ભાગ જે આ કરારનામા સાથે બંધબેસતો ન હોય કે વિરૂદ્ધ હોય તે રદ કરવામાં આવે છે.

મુંબઇ સરકારના પોલીટીકલ ખાતાના તા. ૫મી જુલાઈ ૧૯૨૨નો ઠરાવ, નં. ૧૮૩. ટી. તથા તા. ૨૫ મી મે ૧૯૨૩નો પોલીટીકલ ડીપાર્ટમેન્ટનો નં. ૪૪–૧–૬ અને ઉપરોક્ત સરકારના ૯ મી ઓકટોબર ૧૯૨૪ ના નં. ૧૨૮૧. બી. ના પત્રમાં જણાવેલ સેક્રેટરી ઓફ સ્ટેટના હુકમો.

( ૧૮ ) કરારનામાની બાબતને લગતી અત્યાર સુધીની દરેક પક્ષની અપીલો, અરજીઓ અને મેમોરીયલોનો આ કરારથી નિવેડો લાવવામાં આવ્યો ગણાશે.

( ૧૯ ) ‘ દરબાર ’ શબ્દથી ‘ પાલીતાણા રાજ્ય ’ અને ‘ જૈનો ’ શબ્દથી ‘ શેઠ આણંદજી કલ્યાણજી અને તેના વારસોરૂપી પ્રતિનિધિઓવાળી હિન્દની શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન કોમ ’ એવો અર્થ થાય છે.

તા. ૨૬ મી માહે મે સને ઓગણીશે અઠયાવીશ–મુ૦ સીમલા.

કીકાભાઇ પ્રેમચંદ રાયચંદ.
કસ્તુરભાઇ એમ. નગરશેઠ.
માણેકલાલ મનસુખભાઇ.
સારાભાઇ ડાહ્યાભાઇ શેઠ
અમૃતલાલ કાળીદાસ.
પ્રતાપસીંહ મોહોલાલભાઈ.
અખીલ હીંદના
જૈન સંઘના પ્રતિનીધીઓ.

બહાદુરસીંગ.
ઠાકોર સાહેબ પાલીતાણા.

અમારી–રૂબરૂ.
સી. એચ. સેતલવડ.
ભુલાભાઇ જે. દેશાઇ.

**સીમલા**––તા. ૨૬ મી માહે મે સને ૧૯૨૮ ના રોજ ગવર્નમેન્ટ ઓફ ઇન્ડીયાએ સીમલામાં મંજુર કર્યું.
૨૬–૫–૨૮.

**ઇરવીન**
વૉઇસરોય અને ગવર્નર જનરલ.

* ટાઇમ્સ ઓફ ઇન્ડીયા વિગેરે વર્તમાન પત્રોમાં આ કલમમાંથી “ In the event of the said ” પછી નીચે દર્શાવેલ શબ્દો રહી ગયા જણાય છે. મૂળ કરારનામામાં તે શબ્દો નીચે પ્રમાણે છે.

“ annual payment not being made within a ”.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## અંગત ઉદારતા.

આ પ્રસંગે ના૦ પાલીતાણા ઠાકોર સાહેબે જૈન કોમ તરફના પોતાના મૈત્રીભાવની ખાત્રી આપવાને અને જૈનો તથા રાજ્યસત્તા વચ્ચે લાંબા વખતથી ચાલતા મતભેદનો અંત આવવાની ખુશાલીમાં યાત્રાળુઓના અંગત માલની જગાત ન લેવાને ના૦ ઠાકોર સાહેબે સ્વેચ્છાથી જણાવ્યું હતું તેમજ પોતાના રાજ્યમાં વધારે ધર્મશાળાઓ બાંધવાની છુટ આપવાને પણ ઉત્સાહ બતાવ્યો હતો.

# યાત્રા કરવા પધારશો.

**શ્રી શત્રુંજયની બાબતમાં સંતોષકારક સમાધાની થવાથી યાત્રા તા. ૧ જુન સને ૧૯૨૮ ના દીવસે ખોલવાની છે. આપણી વિનંતિથી પાલીતાણાના નામદાર ઠાકોર સાહેબ એ શુભ ક્રિયા તે દીવસે કરશે તેથી હવે સર્વ ભાઇઓ પાલીતાણે યાત્રા કરવા સારૂ પધારશો.**

**શેઠ આણંદજી કલ્યાણજી—અમદાવાદ.**

# ઉદ્ઘાટન ક્રિયા.

**શેઠ સાહેબ આણંદજી કલ્યાણજીની પેઢી** તરફથી અગાઉથી તાર અને ટપાલદ્વારા સર્વે શહેરો તથા ગામોમાં યાત્રા ખુલ્લી થયાના સમાચાર આપવામાં આવ્યાથી તા. ૩૧–૪–૨૮ ના રોજ અમદાવાદથી શેઠ શ્રી આણંદજી કલ્યાણજીની પેઢીના મુખ્ય કાર્યવાહકો–પ્રતિનિધિ સાહેબો તેમજ મુંબઇ ભાવનગર વગેરે સ્થળેથી મુખ્ય મુખ્ય આગેવાનો વગેરે શ્રી પાલીતાણે આવવા પધાર્યા હતા. પ્રથમ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રતિનિધિ સાહેબોને સીહોર શ્રી સંઘ તરફથી ઉપકાર માનવા સાથે ફૂલહાર, દુધપાન વગેરે આપવામાં આવ્યું હતું, પછી ટ્રેઇન પાલીતાણે પહોંચતાં સ્ટેશન ઉપર પેઢી તરફથી તેમજ પાલીતાણાના નગરશેઠ વગેરે તરફથી સત્કાર કરવામાં આવ્યો હતો. રાજ્ય તરફથી મોટર–ઘોડાગાડી ઉતારા વગેરેની સારી સગવડ કરવામાં આવી હતી. પાલીતાણા શહેરમાં પ્રોસેશન સહિત દરેક જૈન ભાઇઓ સત્કાર કરતાં મુખ્ય જિનાલયમાં દર્શન કરી પ્રોસેશન દરબારી ઉતારે ગયું હતું. બીજે દિવસે તા. ૧–૫–૧૯૨૮ જેઠ શુદ ૧૩ ના રોજ તળાટી ઉપર ધ્વજા પતાકા વગેરેથી મંડપ બાંધવામાં આવ્યો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સવારના છ વાગે ત્યાં શ્રી સંઘનો મેળાવડો થયો હતો જ્યાં નામદાર ઠાકોર સાહેબ શ્રી બહાદુરસિંહજી સાહેબ પધારતાં સર્વેએ ઉમળકાથી વધાવી લીધા હતા. દિવાન સાહેબ તથા અધિકારી વર્ગ અને યાત્રાળુઓની બેશુમાર સંખ્યા એકઠી થઇ હતી. શેઠ શ્રી આણંદજી કલ્યાણજીના પ્રતિનિધિ સાહેબે નામદાર ઠાકોર સાહેબને યાત્રા ખુલ્લી થયેલી જાહેર કરવા વિનંતિ કરી હતી. વળી મે૦ નામદાર ઠાકોર સાહેબે હર્ષપૂર્વક જવાબ આપવા સાથે યાત્રા કરવા જૈન કોમને આમંત્રણ કરવા સાથે પરસ્પર સહાનુભૂતિ રાખવા સુચના કરી હતી. પછી ઠાકોર સાહેબ દિવાન સાહેબ અને પ્રતિનિધિ સાહેબો સાથે ડુંગર ઉપર પધારતાં મુખ્ય ટુંકના જિનાલયના દ્વાર ઠાકોર સાહેબના મુબારક હસ્તે ખુલાવ્યા હતા. સર્વ યાત્રાળુઓ યાત્રા કરવા ઉપર આવેલ હતા. આજનો સુવર્ણમય દિવસ જૈન ઇતિહાસમાં સુવર્ણાક્ષરે કોતરાઇ રહેશે. પ્રતિનિધિ સાહેબોમાં શેઠ માણેકલાલભાઇ મનસુખભાઇ, શેઠ પ્રતાપસિંહ મોહોલાલ, શેઠ સારાભાઇ ડાહ્યાભાઇ, શેઠ અમૃતલાલ કાળીદાસ તથા શેઠ ભગુભાઇ ચુનીલાલ વકીલ કેશવલાલ પ્રેમચંદવગેરે આવ્યા હતા. વિશેષ હકીકત અન્ય પેપરોમાં આવી ગયેલ છે જેથી અત્રે ટુંકામાં જણાવેલ છે.

# ગ્રંથાવલોકન.

## નીચેના પુસ્તકો ભેટ મલ્યા છે તે આભાર સાથે સ્વીકારીએ છીએ.

| | |
|---|---|
| ૧ ધર્મવીર શેઠ વેણીચંદભાઇ ( વેણીચંદ સુરચંદ શાહનું જીવન ચરિત્ર ) શ્રી જૈન શ્રેયસ્કર મંડળ મ્હેસાણા. | ......... |
| ૨ અસત્ય આરોપ યાને ખોજા જ્ઞાતિનું ગૌરવ. શેઠ મગનલાલ મોહનલાલ તલસાણાવાળા મુંબઇ. | રૂા. ૧-૮-૦ |
| ૩ મેલેરીયા તાવો. વૈદ્ય કલ્પતરૂની તેત્રીશમી ભેટ. | રૂા. ૦-૧૨-૦ |
| ૪ આદર્શ જૈન. લેખક બંસી. | રૂા. ૦-૮-૦ |
| ૫ હું સાધુ કેમ થયો. યંગમેન જૈન સોસાયટી, અમદાવાદ. | રૂા. ૦-૩-૬ |
| ૬ શ્રી જૈન તત્ત્વ પ્રશ્નોત્તર. ઘેલાભાઇ પ્રાણલાલ શાહ કલોલ | રૂા. ૦-૨-૦ |
| ૭ માર્ગાનુસારીનું સ્વરૂપ. ભાગ ૧ ,, ,, ,, | રૂા. ૦-૧-૦ |
| ૮ કર્મ નિર્જરા શ્રેણી. ભાવસાર ભાણજી ગીલા વરતેજ. | વાંચન અને મનન |
| ૯ પંચાંગ ૧૯૮૫ (હિંદિ સચિત્ર) ડૉ. એસ. કે. બર્મન ૪ તારાચંદ સ્ટ્રીટ કલકત્તા | ......... |
| ૧૦ શ્રી આત્માનંદ જૈન પંચાંગ હિંદિ શ્રી આત્માનંદ જૈન ટ્રેક્ટ સોસાયટી. અંબાલા (પંજાબ). ( પંન્યાસજી શ્રી લલિતવિજયજી મહારાજના ફોટા સહિત. ) | ......... |

For Private And Personal Use Only

૧૧ શ્રીમદ્વિજયાનંદસૂરિકી સ્તુતિ (હિંદિ) શ્રી આત્માનંદ જૈન સભા અંબાલા (પંજાબ)........
૧૨ [illegible]વીન સ્તવ(હિંદિ) શ્રી આત્માનંદ જૈન ટ્રેક્ટ સોસાયટી અંબાલા (પંજાબ) રૂ. ૦–૧–૬

## વિરવિજયજી મહારાજના ઉપાશ્રય તરફથી નીચેના ગ્રંથો ભેટ મલ્યા છે.

| | | |
|---|---|---|
| શ્રી ગુણવર્મા ચરિત્રમ્ (શ્લોકબદ્ધ) શ્રી માણિકયસુંદરસૂરિકૃત. | | સાધુ સાધ્વીને ભેટ. |
| ,, ,, ભાષાંતર | ,, | રૂ. ૦–૮–૦ |
| જીતેંદ્ર સ્તવનાવલી તથા ગહુંલી સંગ્રહ. | મુનિ ઉદયવિજયજી. | ભેટ. |
| ગહુંલી સંગ્રહ. | ,, | અમુલ્ય. |
| સજ્ઝાયમાળા ભા. ૧–૨ | | ......... |
| શ્રી શત્રુંજય ઉદ્ધાર તથા સ્તવનો. | | ભેટ. |
| શ્રી સ્થુલીભદ્રજીના શિયળવેલી. | | ,, |

**શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુલ—પાલીતાણા સં. ૧૯૮૧–૮૨ બે વર્ષનો હિસાબ તથા રીપોર્ટ.** દિવસાનું દિવસ ઉન્નતિ પામતી અને આ રિપોર્ટના દરમ્યાન સુમારે એકસોઆઠ વિદ્યાર્થી ધરાવતી આ સંસ્થાનો આ રીપોર્ટ અને તેમાં જણાવેલ કાર્યવાહી જોઇ જૈન સમાજ તેને માટે મગરૂર થાય તે સ્વાભાવિક છે. બોર્ડીંગ સાથે વિદ્યાલય ધરાવતી અને તેમાં સ્કુલ શિક્ષણ સાથે ધાર્મિક શિક્ષણ અને શારીરિક કેળવણીનો લાભ વિદ્યાર્થીઓને આપતી આ એકજ સંસ્થા છે કે જેને જલદી આદર્શ બનવા માટે તેની આર્થિક સ્થિતિ જોઇએ તેવી ન હોવાના સબબે ઢીલ થાય તે માટે આપણે જૈન સમાજે ખાસ વિચારવા–તેમજ શરમાવા જેવું છે. અપૂર્ણતા તો દરેક સ્થળે હોય અને અહીં પણ હશે, તો પણ તે છતાં વ્યવસ્થા પૂર્વક કરકસરથી હૃદયના ઉમળકા અને લાગણી સહિત સેવા અને કાર્યવાહી તેની કમીટી કેવી રીતે કરી રહી છે, તે માટે આ સંસ્થા આ છેલ્લો રીપોર્ટ વાંચવાની અમો ખાસ નમ્ર સુચના કરીએ છીએ. આવી સંસ્થાના મનોરથો, અભિલાષાઓ યોજનાઓ, નવીનતાઓ અને ઉદ્દેશો પાર પાડવા માટે તેના કાર્યવાહકો અને કમીટીને આર્થિક સહાય જોવે તે માટે તે ખાતાની વ્યવસ્થા જાતે જોઇ અથવા રીપોર્ટ વાંચી જેમ બને તેમ વિશેષ આપી તેને સગવડતા અને ઉન્નતિમાં વૃદ્ધિ કરવા જરૂર છે. રીપોર્ટમાં જણાવેલ કાર્યવાહી જોઇ જેમ આનંદ થાય છે, તેમજ હિસાબ વગેરે ચોખવટવાળા અને વ્યવસ્થા પૂર્વક વિશ્વાસ કરવા લાયક છે તેથી વિશેષ આનંદ થાય છે. અમો તેની ઉન્નતિ ઇચ્છીએ છીએ.

## નવા દાખલ થયેલા માનવંતા સભાસદો.

| | | |
|---|---|---|
| શેઠ સુખલાલ રાજપાળ. | મુંબઇ. | પહેલા વર્ગના લાઇફ મેમ્બર. |
| શેઠ મુળચંદ ચત્રભૂજ ઝવેરી. | ભાવનગર. | બીજા વર્ગના લાઇફ મેમ્બર. |

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# એક જાહેર નમ્ર સુચના.

ગયા વર્ષની જેમ આ વર્ષે પણ ચૈત્ર માસના શુકલ પક્ષમાં બે તેરસો હતી. પરમ પ્રભુ શ્રી મહાવીરદેવની જયંતી ઘણે સ્થળે બીજી તેરશે આ વર્ષે પણ ઉજવાઇ હતી. ( જુઓ જૈન પેપર ) ગયા વર્ષે પ્રથમ તેરશે ઉજવવી કે બીજી તેરશે ઉજવવી તેના ચર્ચાપત્ર તરીકેના લેખો જૈનમાં આવતા હતા. મુનિશ્રી ચારિત્રવિજયજીએ તેના સ્પષ્ટીકરણમાં લંબાણ ખુલાસો કર્યો હતો; છતાં આ વર્ષે અત્રે ભાવનગરમાં પ્રથમ તેરશે અને બીજે તમામ શહેરોમાં ( જ્યાં જયંતી ઉજવાઇ ત્યાં ) બીજી તેરશે મંગળવારે ઉજવાઇ હતી. તો આ સંબંધ જયોતિષ શાસ્ત્રના જાણ મુનિ મહારાજે અથવા જૈન બંધુઓએ તે વાતનું સ્પષ્ટીકરણ કરવાની જરૂર છે.

---

## સુધારો.

ગતાંકના ( ગૌતમ પ્રભુનું ખરૂં આત્મસમર્પણના લેખમાં પા૦ ૨૪૭ લીટી ૧૫ માં "વિદ્યાના પાશમાં" તેને બદલે "અવિદ્યાના પાશમાં" જાણવું. )

---

## અમારૂં જ્ઞાનોદ્ધાર ખાતું.

### નીચેના ગ્રંથો છપાય છે.

---

૧ શ્રી પ્રભાવક ચરિત્ર ( ભાષાંતર )
૨ શ્રી વિમલનાથ ચરિત્ર ,,
૩ ઐન્દ્ર સ્તુતિ ( संस्कृत )
૪ શ્રી ચંદ્રપ્રભુ ચરિત્ર ( ભાષાંતર )
૫ શ્રી મહાવીર ચરિત્ર ,,
૬ श्री वसुदेव हींडी प्राकृत
૭ विलासवईकहा अपभ्रंश छाया साथे

ઉપરના ગ્રંથો ઘણાજ પ્રાચીન પૂર્વાચાર્યકૃત હોઇ, કથાઓ ઘણીજ સુંદર રસીક, ભાવવાહી અને અંતર્ગત વિવિધ ઉપદેશક કથાઓ સહિત છે. નંબર ૧-૪-૫ ના ગ્રંથોમાં સહાયની આવશ્યકતા છે. મહાન પુરૂષોના આવા સુંદર, સત્ય ચરિત્રો વાંચી વિચારી આત્મકલ્યાણ સાધવાની આ સુંદર તક કે જે સભાના લાઇફ મેમ્બર થઇ તેવા ગ્રંથો ભેટ મેળવી લેવા ચૂકવાનું નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## જૈન સમાજનો સમય ધર્મ.

જૈનોના અંતર્ગત વર્ગોની એકતા સિદ્ધ કરવાની જેટલી જરૂર છે એટલી જરૂર જ આખી હિંદુ જનતા સાથે આપણું તાદાત્મ્ય કેળવવાની છે. જાતિ પરત્વે આપણે હિંદુ છીએ એમાં બે મત છે જ નહિ. ધર્મ પરત્વે પણ આપણો ધર્મ હિંદુ ધર્મની એક શાખા છે. હિંદુ ધર્મ એટલે વેદ ધર્મ કે અમુક સંપ્રદાય એ સમજણ ખોટી અને ઇતિહાસ વિરૂદ્ધ છે. વેદના મંતવ્યોથી વિરૂદ્ધ એવા અનેક સંપ્રદાયોનો હિંદુ ધર્મમાં સમાવેશ થાય છે. ઐતિહાસિક દૃષ્ટિએ હિંદુ ધર્મનું એકજ લક્ષણ સંભવે છે કે હિંદુસ્તાનમાં જે જે ધર્મોની સ્થાપના થઇ તે સર્વની હિંદુ ધર્મમાં ગણતરી કરવી જોઇએ. આજ રીતે બૌદ્ધ ધર્મ પણ હિંદુધર્મની જ શાખા છે. હિંદુ મહાસભાએ પણ આજ લક્ષણ સ્વીકાર્યું છે. અને હિંદુ ગણાતી સર્વ જાતિઓને તેમાં જોડાવા નિમંત્રણ આપ્યું છે. આ બાબત ઉપર હું ખાસ ભ.ર દેવા માગું છું, કારણ કે આપણામાં કોઇ કોઇ વાર કોઇ કોઇ ઠેકાણેથી ' અમે તો જૈન છીએ–હિંદુ નથી ' એવો સૂર સંભળાય છે, અને એમ કહેવામાં અભિમાન લેવામાં આવે છે. અત્યારના કોમી ઝગડાઓમાં આપણે કોના છીએ અને કોણ આપણું નજીકનું સગું છે, એ બરોબર સમજી લેવાની જરૂર છે. જૈન બંધુઓને–સાધુઓને તેમજ શ્રાવકોને–હું ચેતવણી આપું છું કે અમે હિંદુથી જુદા છીએ એમ કહેવુ તે સત્ય નથી એટલુંજ નહિ પણ આપણા સ્વાર્થ અને અસ્તિત્વનું ઘાતક છે. આ કારણે આપણામાં હિંદુ મહાસભા વિષે સક્રિય રસ જાગ્રત થવાની મને પરમ આવશ્યકતા લાગે છે.

આવી રીતે સંગઠિત થતા જવું અને દેશમાં જે સ્વાતંત્ર્ય પ્રાપ્તિનો યજ્ઞ મંડાયો છે તેમાં પોતાથી બને તેટલું બલિદાન અર્પતા રહેવું એવો જૈન સમાજ માટે સમયધર્મ ઉપસ્થિત થયો છે. અત્યારનાં રાજકીય રણાંગણમાં ગણ્યા ગાંઠ્યા જૈનોનાં નામ સંભળાય છે. અર્જુનલાલ શેઠ, અમૃતલાલ શેઠ. મણિલાલ કોઠારી, ખુશાલ તલકશી શાહ, આવા કેટલા છે! જૈનપ્રજા કંગાલ નથી. સાધનસંપન્ન છે. ઉદારતા જૈનોને જ વરી છે. અહિંસા ઉપર તો જૈનો પોતાની માલીકી જ સમજે છે. એમ છતાં આજના દેશોદ્ધારના કાર્યમાં જૈનો ક્યાં છે? આજ કેટલા વર્ષોથી રાષ્ટ્રીય મહાસભા દેશનો રાજકીય ઇતિહાસ ઘડી રહી છે. ઇતિહાસ વિધાયકોમાં એક પણ જૈનનું નામ કેમ જોવામાં આવતું નથી? જેવી રીતે ધર્મના કારણમાં હિંદુ મહાસભાનું સર્વોપરિપણું સ્વીકારવાની આવશ્યકતા છે તેવીજ રીતે રાજકારણમાં દરેક જૈને રાષ્ટ્રીય મહાસભાનું શાસન સ્વીકારવાની પુરી અપેક્ષા છે આજે જૈનો રાજકારણમાં હિંદુઓની માફક પાછળ પાછળ ઘસડાય છે. આવતી કાલે જૈન હિંદુ રાજકારણનો અગ્રણી કેમ ન બને? આજના અર્થપરાયણ જૈને ફરીથી ક્ષાત્રવટ સમજવાની જરૂર છે. આજે જે પ્રવૃત્તિનાં મંડાણ મંડાયા છે તે સિદ્ધ થયેજ છુટકો છે, માટે મારી તો એજ પ્રાર્થના છે કે આજ દેશ પોતાના પ્રત્યેક સંતાન પાસેથી જે પ્રકારનું સ્વાર્પણ માગી રહેલ છે તે પુરેપુરૂં આપવામાં કોઇ પણ જૈન પાછો ન પડે અને સ્વાતંત્ર્ય પ્રાપ્તિના સમગ્ર ઇતિહાસનું પ્રત્યેક પ્રકરણ જૈનોનાં સ્વાર્પણ કૃત્યોથી અંકિત બને?

શ્રી પરમાનંદ કાપડીયા.

For Private And Personal Use Only